GJMH010040472025

# FORM-A

**IN THE COURT OF THE 4TH ADDITIONAL SESSIONS JUDEGE & SPECIAL JUDGE (POCSO), MAHESANA AT MAHESANA.**

---------------------------------------------------------------------------

Present: 4th Addl. Sessions Judge & Special Judge(POCSO)

**Date of Judgement : - 01.04.2026** **SPl.POCSO Case No.73 of 2025**

**EX.39**

**( Bavalu Police Station Part-A No.11206005250462/25)**
**Charge : For the Offences Punishable U/s. 137(2), 87,64(2)(M) of B.N.S. and Sec. 4, 5(L), 6, 8, 12 of Pocso Act**

| | |
|---|---|
| **Complainant** | **The State of Gujarat** |
| Represented By | The Ld. Ad.P.P. Kum. R. K. Joshi |
| **Accused** | **Thakor Malaji S/o Vihaji Prahladji**<br>Age : About 26 years,<br>Resi.Zalora, Ugamano Vas,<br>Ta.Kadi, Dist.Mahesana. |
| Represented By | Ld. Advocate Shri J. L. Thakor |

| | |
|---|---|
| Date of Offence | 03.10.2025 |
| Date of FIR | 19.10.2025 |
| Date of Chargesheet | 16.12.2025 |
| Date of Framing of charges | 10.02.2026 |
| Date of commencement of evidence | 24.02.2026 |
| Date on which judgement is reserved | 01.04.2026 |
| Date of the Judgment | 01.04.2026 |
| Date of the Sentencing Order, if any | - |

## Accused Details

| Rank of the Accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offences charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428, Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Thakor Malaji S/o Vihaji Prahladji | 31.10.25 | - | U/s. 137(2), 87, 64 (2)(M) of B.N.S. and Sec. 4,5(L), 6 8, 12 Pocso Act | Acquitted | - | - |

## FORM-C

## LIST OF PROSECUTION/DEFENCE/COURT WITNESSES

### A. Prosecution:

| Rank | Exh. No. | Name | Nature of Evidence (Eye witness, Police witness, Expert witness, Medical witness, Panch witness, other witness |
|---|---|---|---|
| PW-1 | 08 | Sapanaben Ganbhirji Thakor | Witness (Mother of Victim) |
| PW-2 | 09 | Bhikhaji Jugaji Thakor | Complainant(Grand Father of Victim) |
| PW-3 | 12 | Victim | Victim Witness |
| PW-4 | 14 | Dr.Margiben Nagajibhai Patel | Medical Officer |
| PW-5 | 23 | Dr. Sanidhya Jitendra Vyas | Medical Officer |
| PW-6 | 32 | Sureshkumar Ratnabhai Chaudhary | Witness (I.O.) |

### B. Defence Witness, if any :

| Rank | Exh. No. | Name | Nature of Evidence (Eye witness, Police witness, Expert witness, Medical witness, Panch witness, other witness |
|---|---|---|---|
| - | - | - | - |

દાખલ તારીખ: ૧૬–૧૨–૨૦૨૫
રજી.તારીખ : ૧૬–૧૨–૨૦૨૫
ફેસલ તારીખ : ૦૧–૦૪–૨૦૨૬
અવધિ : વર્ષ–૦૦, માસ–૦૩, દિવસ–૧૬

**મહેસાણાની મે.ચોથી એડીશ્નલ સેસન્સ કોર્ટ અને સ્પેશ્યલ (પોકસો) કોર્ટમાં, મુ.મહેસાણા.**

**સ્પે.કેસ(પોકસો) નં.૫૪/૨૦૨૫**

**<u>આંક–૩૯</u>**

**શ્રી સરકાર ..... ફરીયાદી**

**<u>વિરૂધ્ધ</u>**

**ઠાકોર માલાજી સન/ઓફ વિહાજી પ્રહલાદજી**
ઉ.વ.આ.૨૬, ધંધો–પ્રા.નોકરી,
રહે.ઝાલોરા, ઉગમણો વાસ,
તા.કડી,જી.મહેસાણા. **....... આરોપી**

**<u>ગુનો</u>: <u>બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨),૮૭,૬૪(૨)(એમ) તથા પોકસો એકટની કલમ–૪,૫(એલ),૬,૮,૧૨ મુજબ</u>**

---

ફરીયાદી તરફે : વિ.એ.પી.પી.કુ.આર.કે.જોષી
આરોપી તરફે : વિ.વ.શ્રી જે.એલ.ઠાકોર

---

**<u>ચુ કા દો</u>**

(૧) નામ.સુપ્રિમ કોર્ટનાં ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત લક્ષ્માં રાખી તેમજ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સ એકટની જોગવાઇ અનુસાર હાલના ચુકાદામાં ભોગબનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને તેણીના નામની જગ્યાએ ''ભોગબનનાર'' તરીકે હવે પછીથી ઉલ્લેખ કરેલ છે.

(૨) આ કામના આરોપી સામે બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોકસો એકટની કલમ–૪,૫(એલ),૬,૮,૧૨ મુજબના ગુનાઓનું તહોમત મુકવામાં આવેલ છે.

(૩) આ કામના ફરીયાદી ભીખાજી જુગાજી સોમાજી ઠાકોરનાએ તા.૧૯/૧૦/૨૫ ના રોજ બાવલુ પો.સ્ટે. એવી ફરીયાદ નોંધાવેલ છે કે, તેઓ મુ.ઝાલોરા, ઉગમણો વાસ, તા. કડી, જી. મહેસાણા ખાતે તેમના પરીવાર સાથે રહે છે અને ખેતીકામ કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે, તેમની પત્નીનુ નામ અમરત છે તેઓને સંતાનમાં ત્રણ બાળકો છે જેમાં સૌથી મોટી દિકરો ગોવીંદજી હતો, જે ગુજરી ગયેલ છે, બીજા નંબરે દિકરો ગંભીરજી છે, જેની પત્ની નામે સપના છે અને ગંભીરજીને સંતાનમાં ત્રણ બાળકો છે જેમાં સૌથી મોટી દિકરી ભોગબનનાર ઉ.વ ૧૬ વર્ષ ૦૧ મહીના ૦૫ દિવસ (જન્મ તા ૧૪/૦૯/૨૦૦૯) ની છે, જેને ધોરણ ૦૫ સુધી ઝાલોરા ગામની પ્રાથમીક શાળામાં અભ્યાસ કરેલ છે. બીજા નંબરે દિકરો ગજાનંદ અને સૌથી નાનો દિકરો મનીષ છે અને મારો ત્રીજો દિકરો નામે લાલાજી છે, તેમના બન્ને દિકરા તેમની સાથે એક જ ઘરમાં રહે છે, તેઓ પોતે ધોરણ ૦૬ સુધી ભણેલ છે. તા.૦૩/૧૦/૨૦૨૫ ના રોજ સવારના નવ દસ વાગે તેઓ તેમના કામથી પીયજ ગામે ગયેલ હતા અને તેમની પત્ની તથા બન્ને દિકરા અને પુત્રવધુ બધા ઘરે હાજર હતા અને સાંજના આશરે છ વાગે તેઓ પિયજથી ઘરે પરત આવેલ ત્યારે

તેમને તેમની પત્ની અમરતે વાત કરેલ છે આપણી પૌત્રી ભોગબનનાર આજરોજ સાંજના ચાર સાડા ચાર વાગ્યાની ઘરે કોઇને કહ્યા વગર જતી રહેલ છે અને અમો તેની ગામમાં શોધખોળ કરીએ છીએ પરંતુ મળી આવતી નથી તેવી વાત કરતા તેઓ પણ તેમની પૌત્રી ભોગબનનારની તપાસ કરવા ગામમાં નીકળેલા અને ભોગબનનારની મોડે સુધી તેમના ઝાલોરા ગામની અંદર તપાસ કરેલ પરંતુ તે મળી આવેલ નહી અને આજથી દોઢેક વર્ષ અગાઉ તેમના દિકરા ગંભીરજીને જાણવા મળેલ કે આ મારી પૌત્રી ભોગબનનાર તેમના કુટુંબી ભાઇના દિકરા ઠાકોર માલાજી વિહાજી સાથે પ્રેમ સંબંધ હોવાનુ જાણેલ હતુ જેથી તેઓએ તેમના કુટુંબી ભાઇ વિહાજીના ઘરે જઈ તપાસ કરતા આ માલાજી ઠાકોર પણ ઘરે હાજર ન હતા જેથી વિહાજીને માલાજી વિશે પુછતા જણાવેલ કે મારો દિકરો પણ ઘરે હાજર નથી અને તે ક્યાં ગયેલ છે તેની ખબર નથી તેવી વાત કરેલ ત્યારબાદ તેઓએ બે દિવસ સુધી ભોગબનનારની સગા વહાલાના ઘરે અને આજુબાજુના ગામડાઓમાં શોધખોળ કરતા તેની કોઇ ભાણ મળેલ નહી અને તેમના કુટુંબી ભાઇનો દિકરો માલાજી પણ ઘરે હાજર ન હતો જેથી તેઓને પાકો શક થયેલ કે આ તેમની પૌત્રી ભોગબનનારને તેમના કુટુબી ભાઇનો દિકરો માલાજી ભગાડીને લઈ ગયેલ છે જેથી તેઓએ તેમના કુટુબી ભાઇઓને મળી, તેમના કુટુંબી ભાઇ વિહાજીને તેમની પૌત્રી લાવી આપવા માટે દબાણ કરેલ હતુ ત્યારબાદ તેઓએ તેમની પૌત્રી અને આ માલાજીની અલગ અલગ જગ્યાએ શોધખોળ કરેલ અને તેમની પૌત્રી તેની માતાનો

મોબાઇલ ફોન વાપરતી હતી, જે ફોન સીમ કાર્ડ કાઢીને તેની સાથે લઈ ગયેલ અને ઠાકોર માલાજી વિહાજી જેનો મોબાઇલ નં ૬૩૫૨૫૯૩૪૬૬ ઉપર ફોન કરતા તેનો ફોન સ્વીચ ઓફ આવતો હતો અને તેઓએ અત્યારા સુધી ભોગબનનારની શોધખોળ કરેલ પરંતુ તેની ભાળ મળેલ નહી અને આ તેમની પૌત્રી શરીરે મધ્યમ બાંધાની રંગે ઘંઉ વર્ણી, જેને શરીરે લીલા કલરનો ડ્રેસ પહેરેલ, જેની ઉંચાઇ આશરે ચાર ફુટ જેટલી છે, જે ગુજરાતી ભાષા જાણે છે. અને આ તેમની પૌત્રી ભોગબનનારતથા માલાજી વિહાજી ઠાકોર બન્ને જણાની તપાસ કરતા આજદીન સુધી મળી આવેલ ન હોઈ અને આ માલાજી વિહાજી જે તેમના કુટુંબી ભાઇનો દિકરો હોઈ, જેથી ગામમાં અને સમાજમાં તેમની આબરુ ન જાય, જેના લીધે તેઓએ જે તે વખતે ફરીયાદ કરેલ ન હતી પરંતુ તેઓની ઘણા સમયથી શોધખોળ કરવા છતા ન મળી આવતા તેઓએ તેમના કુટુંબી ભત્રીજા દિનેશજી પ્રહલાદજી ઠાકોર ધોરણસર તપાસ થવા ફરીયાદ આપેલી અને ફરીયાદ સાથે ભોગબનનારના જન્મના દાખલાની ઝેરોક્ષ નકલ રજુ કરેલ હોવાનું જણાવેલ છે.

(૪) ફરીયાદીની ફરીયાદ આધારે બાવલુ પો.સ્ટે. પાર્ટ એ નં.૧૧૨૦૬૦૦૫૨૫૦૪૬૨/૨૦૨૫ થી બી.એન.એસ.ની કલમ-૧૩૭(૨) મુજબનો ગુનો નોંધવામાં આવેલ અને ત્યારબાદ ગુનાની તપાસ, તપાસ કરનાર અમલદારે કરી, ભોગબનનારના અને આરોપી આહેરવારના બનાવ વખતે પહેરેલ કપડા પંચનામાની વિગતે કબજે કરેલ, આરોપી તથા ભોગબનનારને

મેડીકલ ચકાસણી સારૂ સરકારી હોસ્પીટલ,થોળ તેમજ ગાયનેક તપાસ સારૂ મોકલવામાં આવેલ અને મેડી.સર્ટી. મેળવી કામે સામેલ રાખેલ, ભોગબનનાર તથા લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા મળતા બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોકસો એકટની કલમ–૪, ૫(એલ), ૬,૮,૧૨ મુજબના ગુના સબંધેનું ચાર્જશીટ દાખલ કરેલ. આ કેસ સ્પેશ્યલ પોકસો અદાલતની હકુમતનો હોય, અને પોકસો કેસ ચલાવવા માટે '**Notified**' અદાલત સમક્ષ કેસ આવતાં, આરોપીઓને ધી બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ હેઠળ નકલો પુરી પાડાવમાં આવેલ હતી.

(૫) આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં હોઇ, આરોપીને જેલ ઓથોરીટી ધ્વારા અત્રેની કોર્ટ સમક્ષ હાજર કરતા, આરોપી સામે આંક–૬ થી બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોકસો એકટની કલમ–૪, ૫(એલ), ૬,૮,૧૨ મુજબના ગુનાઓનું તહોમતનામું ફરમાવતાં આરોપીઓએ આંક–૭ થી પોતાનો જવાબ આપી, તેમને આ ગુનો કબુલ ન હોવાનું જણાવી પોતાનો બચાવ કરવાનું પસંદ કરેલ છે.

(૬) જેથી બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૩ વંચાણે લઇ, બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૪ મુજબ ફરીયાદપક્ષ ધ્વારા સાહેદોના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

(૭) ફરિયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવજી પુરાવો આપેલ છે.

| ક્રમ | આંક | સાહેદનું નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| PW ૧ | ૮ | સપનાબેન ગંભીરજી ઠાકોર | સાહેદ(ભો.બ.ની માતા) |
| PW ૨ | ૯ | ભીખાજી જુગાજી ઠાકોર | ફરીયાદી(ભો.બ.ના દાદા) |
| PW ૩ | ૧૨ | ભોગબનનાર | વિકટીમ સાહેદ |
| PW ૪ | ૧૪ | ડૉ. માર્ગીબેન નાગજીભાઇ પટેલ | મેડી. સાહેદ |
| PW ૫ | ૨૩ | ડૉ. સાનીધ્યા જીતેન્દ્ર વ્યાસ | મેડી. સાહેદ |
| PW ૬ | ૩૨ | સુરેશકુમાર રત્નાભાઇ ચૌધરી | સાહેદ(ત.ક.અધિ.) |

(૭.૧) આરોપીપક્ષે બચાવમાં સાહેદ તપાસેલ નથી.

(૭.૨) કોર્ટ સાહેદ તપાસેલ નથી.

(૮) ફરીયાદપક્ષે ઉપરોકત મૌખિક પુરાવા ઉપરાંત નીચે મજુબના દસ્તાવેજી પરુાવા પણ રજુ કરેલ છે.

| ક્રમ | આંક | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| ૧. | Exh.P–૧૦/ PW2 | ફરીયાદી |
| ૨. | Exh.P–૧૧/ PW2 | ભોગબનનારના જન્મના પ્રમાણપત્રની નકલ |
| ૩. | Exh.P–૧૩/ PW3 | ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન |
| ૪. | Exh.P–૧૫/ PW4 | ભોગબબનનારની શારીરિક તપાસણીનું સર્ટીફીકેટ (સી.એચ.સી.,થોળ) |
| ૫. | Exh.P–૧૬/ PW4 | ભોગબનનારની મેડી.તપાસણી અર્થેની પોલીસ યાદી |

| | | |
|---|---|---|
| ૬. | Exh.P–૧૭/ PW4 | ભોગબનનારના અસલ એમ.એલ.સી. કેસ પેપર્સ પાન–૨ |
| ૭. | Exh.P–૧૮/ PW4 | ભોગબનનારના નમુના એફ.એસ.એલ. માં તપાસ અર્થે મોકલ્યાના ફોર્મની સ્થળપ્રત |
| ૮. | Exh.P–૧૯/ PW4 | આરોપીની શારીરિક તપાસણીનું સર્ટીફીકેટ (સી.એચ.સી.,થોળ) |
| ૯. | Exh.P–૨૦/ PW4 | આરોપીની મેડી.તપાસણી અર્થેની પોલીસ યાદી |
| ૧૦. | Exh.P–૨૧/ PW4 | આરોપીના અસલ એમ.એલ.સી. કેસ પેપર્સ |
| ૧૧. | Exh.P–૨૨/ PW4 | આરોના નમુના એફ.એસ.એલ. માં તપાસ અર્થે મોકલ્યાના ફોર્મની સ્થળપ્રત |
| ૧૨. | Exh.P–૨૪/ PW5 | ભોગબબનનારની શારીરિક તપાસણીનું સર્ટીફીકેટ (સીવીલ હોસ્પીટલ, મહેસાણા) |
| ૧૩. | Exh.P–૨૫/ PW5 | ભોગબનનારની મેડી.તપાસણી અર્થેની રીફર ચીટ |
| ૧૪. | Exh.P–૨૬/ PW5 | ભોગબનનારના અસલ એમ.એલ.સી. કેસ પેપર્સ પાન–૧૨ તથા એકસ–રે નંગ–૨ |
| ૧૫. | Exh.P–૨૭/ PW5 | ભોગબનનારના નમુના એફ.એસ.એલ. માં તપાસ અર્થે મોકલ્યાના ફોર્મની સ્થળપ્રત |
| ૧૬. | Exh.P–૨૮/ સંમતીથી | ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામું |
| ૧૭. | Exh.P–૨૯/ સંમતીથી | આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામું |
| ૧૮. | Exh.P–૩૦/ સંમતીથી | ગુનાના કામે વપરાયેલ બાઇક કબજે કર્યાનું પંચનામું |
| ૧૯. | Exh.P–૩૧/ સંમતીથી | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૨૦. | Exh.P–૩૩/ PW6 | ગુનો રજીસ્ટર કરવા કરેલ રીપોર્ટ |
| ૨૧. | Exh.P–૩૪/ PW6 | આરોપીને અટક કર્યા અંગે સ્ટે.ડા.માં નોંધ કરવા કરેલ રીપોર્ટ |
| ૨૨. | Exh.P–૩૫/ PW6 | સ્થળ પરીક્ષણ અહેવાલ |

| | | |
|---|---|---|
| ૨૩. | Exh.P–૩૬/ PW6 | મુદ્દામાલ રવાનગી પત્રક |
| ૨૪. | Exh.P–૩૭/ PW6 | મુદ્દામાલ એફ.એસ.એલ.ને મળ્યા અંગેની પહોંચ |

(૯) મટીરીયલ ઓબ્જેકટસ:

| **ક્રમ** | **મટેરીયલ ઓબ્જેકટસ** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | ભોગબનનારના કપડા | એક ટોપ છીંકણી કલરનું અર્ધ બાયનું, સફેદ પીળા અને ગુલાબી કલરની ફુલભાત ડીઝાઇન વાળું |
| ૨ | ભોગબનનારના કપડા | એક લેંગો લીલા કાળા છીંકણી લાલ એવા અલગ અલગ કલર અને અલગ અલગ ભાતની ડીઝાઇન અને ઈલાસ્ટીક રબ્બરના નાડા વાળો |
| ૩ | આરોપી પાસેથી કબજે લીધેલ | એક ઓપ્પો કંપનીનો બ્લ્યુ કલરની બોડીવાળો મોબાઇલ ફોન બંધ હાલતમાં |
| ૪ | આરોપી પાસેથી કબજે લીધેલ | એક ઓપ્પો કંપનીનો આછા ગુલાબી કલરની બોડીવાળો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન (મોડેલ ૧૩કે૧૩એકસ ફાઇવ જી) |
| ૫ | આરોપીના કપડા | એક શર્ટ ઘાટા લીલા કલરનો આખી બાયનો |
| ૬ | આરોપીના કપડા | એક પેન્ટ ગ્રે કલરનું જુનુ વપરાયેલું |
| ૭ | આરોપીએ રજુ કરેલ | એક હીરો કંપનીનું સ્પ્લેનડર પ્લસ મોડલનું કાળા કલરનું બાઇક રજી.નં.જીજે.૦૨ડીએચ.૧૩૩૪ |

(૧૦) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી વિ.એ.પી.પી.શ્રીએ આંક–૩૮ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ છે. ત્યારબાદ બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ આરોપીઓ વિરૂધ્ધના સંજોગો અંગે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં તેઓએ ફરીયાદ પક્ષના પુરાવાની હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેઓએ

સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેઓએ કોઈ ગુનો કરેલ ન હોવાનું અને તેઓની ઉપર ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે.

(૧૧) આ કામે ફરીયાદપક્ષે વિ.સરકારી વકીલ શ્રી દલીલ કરતા જણાવેલ છે કે ફરીયાદપક્ષે આક્ષેપિત તહોમત ભોગબનનાર, ભોગબનનારના દાદા, માતા, મેડી.ઓફીસરશ્રીઓ અને ત.ક.અધિ. શ્રીને તપાસી પુરવાર કરેલ છે. તેઓએ વધુમાં દલીલમાં જણાવેલ છે કે ભોગબનનારની જન્મ તા.૧૪/૦૯/૨૦૦૯ છે. આ કામે ફરીયાદપક્ષે ભોગબનનારનું જન્મના પ્રમાણપત્રની નકલ આંક-૧૧ થી આરોપીપક્ષે સંમતિથી રજુ કરેલ છે અને ભોગબનનારની જન્મ તા.૧૪/૦૯/૨૦૦૯ ની હોવાનું પુરવાર કરેલ છે. ભોગબનનાર સગીર હોય તેની સંમતિ કાયદેસરની ગણાય નહી. ડોકટરશ્રીઓનો પુરાવો જોતાં ભોગબનનાર સાથે શારીરિક સબંધ બંધાયેલ હોવાનું પુરવાર થાય છે. ત.ક.અધિ.શ્રીએ કરેલ તપાસમાં કોઈ ખામી નથી. ફરીયાદપક્ષે શંકારહીત સચોટ પુરાવાથી પોતાનો કેસ પુરવાર કરેલ છે. ભોગબનનાર સાથે આરોપીએ લગ્ન બાહય સંભોગ કરવાના ઈરાદે, ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતાં હોવા છતાં ભોગબનનારને તેના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી, લગ્ન/જારકર્મ કરવાના ઈરાદે,અપહરણ કરી લઈ જઈ, ભોગબનાનર સાથે અવાર નવાર બળાત્કાર સંભોગ કરી,

ભોગબનનાર ઉપર જાતિય તેમજ પ્રવેશ જાતિય તેમજ ઉગ્ર પ્રવેશ (ગંભીર) જાતિય હુમલો કરી, ભોગબનનારની જાતીય સતામણી કરેલ છે. સમગ્ર પુરાવાથી આોરપી સામેના આક્ષેપ પુરવાર થતાં હોય આરોપીને તકસીરવાન ઠરાવી નશ્યત કરવા લંબાણપુર્વક દલીલ કરેલી છે.

(૧૨) આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે ફરીયાદપક્ષ આરોપી સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી, ભોગબનનારને આરોપી અપહરણ કરી, તેના વાલીપણામાંથી લઇ ગયેલ હોવાનો કોઇ પુરાવો નથી તેમજ આરોપીએ ભોગબનનારને તેની મરજી વિરૂધ્ધ સંમતિ વિરૂધ્ધ લઇ ગયેલ હોવાનું પુરવાર થયેલ નથી. બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોકસો એકટના ગુનાના તત્વો પુરવાર થતા નથી.

તેઓએ વધુમાં દલીલમાં જણાવેલ છે કે ભોગબનનારનો પુરાવો જોતાં ભોગબનનારે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે બનાવના દીવસે તેના માતા પિતા અને દાદા બધા ખેતરમાં ગયેલા અને તેના માતા પિતા ખેતરમાંથી ચારેક વાગે ઘરે પરત આવેલા ત્યારે તેણીએ ઘરકામ કરેલ ન હતુ જેથી વાસણ કપડા બાકી હતા જેથી તેની માતા તેની ઉપર ગુસ્સે થયેલી અને તેની સાથે ઝઘડો કરેલો જેથી તેણી રીસાઈને કોઈને કહયા વગર તેના મામાના ઘરે શીલજ મુકામે જતી રહેલી. ત્યાં લગભગ ૨૫ દીવસ રોકાયેલી. બાદ તેના મામાએ તેને સમજાવીને તેના ઘરે મુકવા માટે આવેલા

અને ત્યાં તેના માતા પિતા અને દાદા બધા ઘરે હાજર હતા ત્યારે તેણીએ ઉપરની હકીકત તેઓને કહેલી આ સિવાય તેણીની સાથે બીજો કોઈ બનાવ બનેલ નથી. ભોગબનનારે ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે તેની માતા સાથે ઘરકામ બાબતે ઝઘડો થયેલ હોઈ, રીસાઈને તેણી તેના મામાના ઘરે જતી રહેલી અને તેને માલાજી ભગાડીને લઈ ગયેલ નથી કે તેને સ્પેલન્ડર ઉપર બેસાડી સુરત કામજેર મુકામે લઈ ગયેલ નથી કે તેને ગુરૂકૃપા સોસાયટીમાં ૨૫ દિવસ જેટલુ રાખેલ નથી. ભોગબનનારે જણાવેલ છે કે તેણીની સાથે તેની મરજી વિરૂધ્ધ અવાર નવાર માલાજીએ દુષ્કૃત્ય કરેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેણી મળી આવેલ નહી જેથી ગામ લોકોના કહેવાથી તેના દાદાએ માલાજી વિરૂધ્ધ ફરીયાદ કરેલી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેની માતાએ ડૉ.ને હીસ્ટ્રી લખાવેલ અને તેની માતાના શીખવાડયા મુજબ તેણીએ કોર્ટમાં લખાવેલુ. આમ, ભોગબનનારનો પુરાવો જોતાં આરોપીએ ભોગબનનારને લગ્નની લાલચ આપી હોય કે તેણીની સાથે તેની મરજી વિરૂધ્ધ અવાર નવાર બળાત્કાર સંભોગ કરેલ હોય તેવો લેશમાત્ર પુરાવો ભોગબનનારે આપેલ નથી. ફરીયાદપક્ષે ભોગબનનારને હોસ્ટાઈલ જાહેર કરેલ છે. ભોગબનનારનો પુરાવો જોતાં ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી.

તેઓએ વધુમાં દલીલ કરી જણાવેલ છે કે ફરીયાદી/ ભોગબનનારના દાદાનો પુરાવો જોતાં બનાવના દિવસે તેઓ ખેતરમાં ગયલા અને તેમનો દીકરો અને તેની પત્નિ સપના

સાંજના ઘરે આવેલા. તેઓ ઘરે પરત આવેલ ત્યારે ભોગબનનાર ઘરે હાજર ન હતી. તેઓ બધાએ તેની શોધખોળ કરેલી પરંતુ તે મળી આવેલ નહી. લગભગ ૧૫ દિવસ જેટલુ તેઓએ શોધખોળ કરેલ પરંતુ તે કયાંયથી મળી આવેલ નહી જેથી તેમના વાસમાં રહેતા માલાજી ઉપર તેમના ગામના લોકોને શક હતો તેથી તેમના ગામના લોકોના કહેવાથી તેઓએ માલાજી વિરૂધ્ધ ફરીયાદ કરેલી. પાછળથી જાણવા મળેલ કે તેમની પુત્રવધુ સપના અને ભોગબનનાર વચ્ચે બોલાચાલી થયેલી જેથી તેમની પૌત્રી ભોગબનનાર રીસાઈને પુત્ર વધુ સપનાના ભાઈના ઘરે શીલજ ખાતે ગયેલી. ત્યાં લગભગ ૨૫ દિવસ જેટલુ રોકાયેલી. બાદ પુત્રવધુ સપનાના ભાઈએ ભોગબનનારને સમજાવી તેમના ઘરે મુકવા આવેલા. ત્યાં સુધી તેમને ખબર ન હતી ભોગબનનાર પુત્રવધુ સપનાના ભાઈના ત્યાં જતી રહેલ છે. બાદ તેઓએ ભોગબનનારને પુછેલ કે તુ કયા જતી રહેલી ત્યારે તેણે ઉપર જણાવેલ હકીકત તેમને કહેલી. આ સાહેદે ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમની પુત્રવધુ સપના અને તેમની દીકરી વચ્ચે ઘરકમ બાબતે બોલાચાલી થતાં તેમની પૌત્રી રીસાઈને તેના મામાના ઘરે શીલજ મુકામે કોઈને કહયા વગર જતી રહેલી અને ત્યાં ૨૫ દિવસ જેટલુ રોકાયેલી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમની પૌત્રી સાથે આરોપી માલાજીએ કોઈ પ્રકારનુ દુષ્કૃત્ય કરેલ નથી કે તેમની પૌત્રી ભોગબનનારને ભગાડીને સુરત કામરેજ મુકામે લઈ ગયેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ ગામના લોકોના કહેવાથી માલાજી

વિરૂધ્ધ ફરીયાદ આપેલી. આમ, ફરીયાદીનો પુરાવો જોતાં તેઓએ ફરીયાદ હકીકતને કે ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમા્ સમર્થનકારી પુરાવો આપેલ નથી. બનાવને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલા છે.

તેઓએ વધુમાં દલીલમાં જણાવેલ છે કે ભોગબનનારના માતાનો પુરાવો જોતાં તેઓએ ફરીયાદ હકીકતને કે બનાવ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલા છે.

તેઓએ વધુમાં દલીલમાં જણાવેલ છે કે આરોપીની મેડીકલ તપાસણી કરનાર ડો.શ્રીના પુરાવામાં આરોપીના ગુપ્ત ભાગે કોઇ દેખીતી ઈજાના ચિન્હો ન હોવાનું જણાવેલ છે તેમજ ભોગબનનારની મેડીકલ તપાસણી કરનાર ડો.શ્રીઓએ પોતાના પુરાવામાં ભોગબનનારના શરીર ઉપર કે ગુપ્ત ભાગ ઉપર કોઈ ઈજા કે જોરજુલમના નિશાન ન હતા આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાથી આરોપી ઉપર મુકવામાં આવેલ તહોમત કોઈજ રીતે પુરવાર થતું નથી જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા લંબાણપુર્વક દલીલ કરેલી છે.

(૧૩) આ કામે બી.એન.એસ.એસ.ની જોગવાઈઓ, આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલા ગુના સંબંધે નામદાર સર્વોચ્ચ અદાલત તથા આપણી નામદાર ઉચ્ચ અદાલત ધ્વારા ઠરાવવામાં આવેલા સિધ્ધાંતો, પુરાવાનાં કાયદાનાં પાયાના સિધ્ધાંતો વિગેરે નજર સમક્ષ રાખતાં આ

કેસના નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## -// **મુ દ્દા ઓ** //-

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતાં ?

૨. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ફરીયાદીની સગીર વયની પૌત્રી ભોગબનનાર ઉંમર ૧૬ વર્ષ, ૧ માસ અને ૧૭ દિવસનીને, ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતાં હોવા છતાં, આરોપી ભોગબનનારને પ્રેમ કરતા હોઇ જેથી આરોપીએ સગીર વયની ભોગબનનારને પોતાની સાથે નાસી જઇ, લગ્ન કરવાનું કહેતા, ભોગબનનાર આરોપીના કહયા મુજબ પોતાના ઘરેથી તા.૩/૧૦/૨૦૨૫ ના રોજ બપોરના ત્રણ વાગ્યાની આજુબાજુ આરોપી સાથે આવેલ અને આરોપીએ ભોગબનનારને પોતાની સાથે અલગ અલગ પ્રાઇવેટ વાહનોમાં બેસી અમદાવાદ, કાલુપુર રેલ્વે સ્ટેશન ગયેલ અને ત્યાંથી ટ્રેન મારફતે સુરત જીલ્લાના કામરેજ મુકામે ગયેલ અને કામરેજ મુકામે આવેલ ગુરૂકૃપા સોસાયટીની અંદર આવેલ ગોકુલ નગરમાં આરોપીએ રૂમ ભાડે રાખી, ભોગબનનારને ત્યાં રાખી, તે રીતે આરોપીએ ફરીયાદીની પૌત્રી ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતાં હોવા છતાં, પોતે પરણીત અને બે બાળકોના પિતા હોઇ, તેમ છતાં સગીર વયની ભોગબનનારને તેના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી, જારકર્મ કરવાના ઇરાદે, ભોગબનનારનું અપહરણ કરી, બી.એન.એસ.ની કલમ-૧૩૭(૨), ૮૭ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલ છે?

૩. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તેજ દિવસે, તેજ સ્થળે, તેજ સમયે અને તેજ બનાવના ભાગરૂપે આરોપીએ ફરીયાદીની પૌત્રી ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતાં હોવા છતાં અને પોતે પરણીત અને બે બાળકોના પિતા હોઈ, તેમ છતાં સગીર વયની ભોગબનનારને તેના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી, જારકર્મ કરવાના ઈરાદે, ભોગબનનારનું અપહરણ કરી, ભોગબનનારને પોતાની સાથે અલગ અલગ પ્રાઈવેટ વાહનોમાં બેસી અમદાવાદ, કાલુપુર રેલ્વે સ્ટેશન ગયેલ અને ત્યાંથી ટ્રેન મારફતે સુરત જીલ્લાના કામરેજ મુકામે ગયેલ અને કામરેજ મુકામે આવેલ ગુરૂકૃપા સોસાયટીની અંદર આવેલ ગોકુલ નગરમાં આરોપીએ રૂમ ભાડે રાખી, ભોગબનનારને ત્યાં રાખી, ભોગબનનાર સાથે અવાર નવાર રાત્રીના સમયે તમો આરોપીએ સંભોગ (બળાત્કાર) કરી, ભોગબનનાર ઉપર જાતિય તેમજ પ્રવેશ જાતિય તેમજ ઉગ્ર(ગંભીર) પ્રવેશ જાતીય હુમલો કરી, બી.એન.એસ.ની કલમ-૬૪(૨)(એમ) તથા બાળકોના જાતીય સતામણીના ગુનાઓની સામે રક્ષણ આપતો કાયદો ૨૦૧૨ ની કલમ-૪, ૫(એલ), ૬, ૮,૧૨ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલ છે?

૩. શું હુકમ ?

(૧૪) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયોના તારણો સાથે નીચે મુજબ છે.

૧. હકારમાં.
૨. નકારમાં.

૩. આખરી હુકમ મુજબ.

## -// કા ર ણો //-

**મુદ્દા નં.૧:-**

(૧૫) આ કામે ફરીયાદપક્ષે ભોગબનનારની ઉંમર બાબતે સાહેદ નં.૧ ભોગબનનારના માતાને આંક-૮ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં ભોગબનનારની જન્મ તા.૧૪/૦૯/૨૦૦૯ ની હોવાનું અને ભોગબનનાર ધોરણ ૫ માં ઝાલોરા પ્રા.શાળામાં અભ્યાસ કરતી હોવાનું જણાવેલ છે. ફરીયાદપક્ષે સાહેદ નં.૨ ભોગબનનારના દાદા ભીખાજી જુગાજી ઠાકોરને આંક-૯ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં ભોગબનનારની જન્મ તા.૧૪/૦૯/૨૦૦૯ ની હોવાનું અને ભોગબનનાર ધોરણ ૫ માં ઝાલોરા પ્રા.શાળામાં અભ્યાસ કરતી હોવાનું જણાવેલ છે. વધુમાં ફરીયાદપક્ષે ભોગબનનારના જન્મના પ્રમાણપત્રની નકલ આંક-૧૧ થી બચાવપક્ષે સંમતિથી રજુ કરેલ છે.

આ કામે ફરીયાદપક્ષ ધ્વારા ભોગબનનારની શારીરિક તપાસણી કરનાર મેડીકલ ઓફીસર ડો.સાનીધ્યા જીતેન્દ્ર વ્યાસને આંક-૨૩ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે ભોગબનનારને રેડીયોલોજીસ્ટ અને ડેન્ટીસ્ટ પાસે રીફર કરેલ, ડેન્ટીસ્ટના અભિપ્રાય પ્રમાણે ભોગબનનારની ઉંમર ૧૫ વર્ષથી ૧૭ વર્ષની હોવાનું અને રેડીયોલોજીસ્ટના અભિપ્રાય પ્રમાણે ભોગબનનારની ઉંમર ૧૬

વર્ષથી વધુ અને ૧૭ વર્ષ કરતા ઓછી હોવાનું જણાવવામાં આવેલ છે.

(૧૬) આ તબકકે **<u>સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ વિરૂધ્ધ અનુપસિંઘ રીપોર્ટેડ ઈન (૨૦૧૫) ૭ સુ.કો.કેસીસ પેજ નં.૭૭૩</u>** નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે. સદરહું ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે એવું તારવેલ છે કે, બળાત્કારના કેસમાં ભોગબનનારની ઉંમર નિર્ણીત કરતી વખતે જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ ૨૦૦૭ ના નિયમ–૧૨(૩) ની જોગવાઈ ધ્યાને લેવાની રહે છે. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે **<u>મહાડીઓ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર રીપોર્ટેડ ઈન ૨૦૧૩(૧૪) એસ.સી.સ.પેજ નં.૬૩૭</u>** ના કેસમાં આપેલ ચુકાદામાં તેમજ **<u>જર્નેલસીંગ વિ. સ્ટેટ ઓફ હરીયાણા રીપોર્ટેડ ઈન ૨૦૧૩(૭) એસ.સી.સી. પેજ નં.૨૬૩</u>** ના કેસમાં પણ એવું ઠરાવેલ છે કે, બળાત્કારના કેસમાં ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ ૨૦૦૭ ના નિયમ–૧૨(૩) લાગુ પાડે છે અને ફકત આ રૂલમાં જણાવેલ દસ્તાવેજી પુરાવાની ગેરહાજરીમાં મેડીકલ ઓપીનીયન ધ્યાને લઈ શકાય. જેથી ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે **<u>જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ ૨૦૦૭ ના નિયમ–૧૨(૩)</u>** ની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે:

"12.(3) In every case concerning a child or juvenile in conflict with law, the age determination inquiry shall be conducted by the court or the Board or, as the case may be, the Committee by seeking evidence by obtaining--

(a)(i)the matriculation or equivalent certificates, if available; and in the absence whereof;

(ii)the date of birth certificate from the school (other than a play school) first attended; and in the absence whereof;

(iii)the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(b) and only in the absence of either (i), (ii) or (iii) of clause (a) above, the medical opinion will be sought from a duly constituted Medical Board, which will declare the age of the juvenile or child. In case exact assessment of the age cannot be done, the Court or the Board or, as the case may be, the Committee, for the reasons to be recorded by them, may, if considered necessary, give benefit to the child or juvenile by considering his/her age on lower side within the margin of one year.

and, while passing orders in such case shall, after taking into consideration such evidence as may be available, or the medical opinion, as the case may be, record a finding in respect of his age and either of the evidence specified in any or the clauses (a)(i), (ii),(iii) or in the absence whereof, clause (b) shall be the conclusive proof of the age as regards such child or the juvenile in conflict with law."

(૧૭) આ તબકકે નવા સુધારેલા જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ચીલ્ડ્રન)–એકટ ૨૦૧૫ ની કલમ ૯૪ રીફર કરવી જરૂરી છે જે નીચે મુજબ છે:

94. Presumption and determination of age.- (1) Where, it is obvious to the Committee or Board, based on the appearance of the person brought before it under any of the provisions of this Act (other than for the purpose of giving evidence) that the said person is a child, the Committee or the Board shall record such observation stating the age of the child as nearly as may be and proceed with the inquiry under section 14 orsection 36, as the case may be, without waiting for further confirmation of the age.

(2) In case, the Committee or the Board has reasonable grounds for doubt regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the case may be, shall undertake the process of age determination by seeking evidence by obtaining-

(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examining Board, if available, and in the absence thereof;

(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;
(iii)and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board; Provided such age determination test conducted on the order of the Committee or the Board shall be completed within fifteen days from the date of such order.

(3) The age recorded by the Committee or the Board to be the age of person so brought before it shall, for the purpose of this Act, be deemed to be the true age of that person.

(૧૮) આમ, જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) એકટ ૨૦૧૫ ની કલમ–૯૪ ની જોગવાઈ મુજબ પ્રથમ સ્કુલનું જન્મનું પ્રમાણપત્ર અથવા મેટ્રીકયુલેશન કે તેની સમકક્ષ સર્ટીફીકેટ જો ઉપલબ્ધ હોય તો તે ધ્યાને લેવાનું રહે પરંતુ, સ્કુલનું જન્મનું પ્રમાણપત્ર અથવા મેટ્રીકયુલેશન સર્ટીફીકેટ કે તેની સમકક્ષ સર્ટીફીકેટ ઉપલબ્ધ ન હોય તો, કોર્પોરેશન કે મ્યુનિસિપલ ઓથોરીટી કે પંચાયત ધ્વારા જન્મનું પ્રમાણપત્ર આપવામાં આવેલ હોય તો તે ધ્યાને લેવાનું રહે છે પરંતુ કલોઝ (iii) મુજબ કલોઝ (i) અને (ii) માં દર્શાવેલા દસ્તાવેજો ઉપલબ્ધ ન હોય તો ઉંમર ઓસીફીકેશન ટેસ્ટ કે મેડીકલ તપાસથી નકકી કરવાની રહે છે.

(૧૯) આ કેસમાં ભોગબનનારની ઉંમર બાબતે ફરીયાદપક્ષ તરફથી આંક–૧૧ થી જે દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે તેમાં ભોગબનનારની જન્મ તા.૧૪/૦૯/૨૦૦૯ ની દર્શાવેલ છે. આમ, ભોગબનનારની જન્મ તારીખ બાબતના ઉપરોકત પુરાવાઓ ધ્યાનમાં લેતાં ભોગબનનાર બનાવ તા.

૧૪/૦૯/૨૦૦૯ ના રોજ ઉંમર ૧૬ વર્ષ અને ૧ માસ અને ૧૭ દિવની હોવાનું ફલીત થાય છે.

આ તબકકે જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આવતા અધિનિમની કલમ–૨(ડી) રીફર કરવી જરૂરી જણાય છે. જે નીચે મુજબ છે:

**કલમ :૨ (ડી).** 'બાળક' એટલે ૧૮ વર્ષની ઉંમર પુરી ન કરી હોય તેવી કોઇ વ્યકિત. આમ,જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ–૨(ડી) જોતાં અને ભોગબનનારની ઉંમર બનાવ સમયે ૧૮ વર્ષ કરતા ઓછી હોય, ભોગબનાનરનો બાળકની વ્યાખ્યામાં સમાવેશ થાય છે. આમ, હાલના કામે ફરીયાદપક્ષ ધ્વારા બનાવ સમયે ભોગબનનાર ૧૬ વર્ષ અને ૧ માસ અને ૧૭ દિવસની ઉંમરના એટલે કે બાળક હોવાનું પુરવાર કરેલ છે. જેથી **મુદ્દા નં.૧** નો જવાબ "**હકારમાં**" આપવામાં આવે છે.

**મુદ્ધા નં.૨ ની ચર્ચા :–**

(૨૦) આ મુદ્ધો સાબિત કરવા માટે આ કામે ફરીયાદપક્ષ ધ્વારા ફરીયાદી /ભોગબનનારના દાદા, માતા, ભોગબનનારને, મેડીકલ ઓફીસરશ્રીઓ અને ત.ક.અધિ.શ્રીને તપાસેલા છે. આ તમામના પુરાવા સગવડતા ખાતર નીચે દર્શાવવામાં આવેલ છે.

**ભોગબનનારનો પુરાવો:–**

(૨૧) ફરીયાદપક્ષ તરફથી **સાહેદ નં.૩ તરીકે ફરીયાદી/ભોગબનનારને આંક–૧૨** થી તપાસવામાં આવેલા છે. ભોગબનનાર સાહેદની જુબાની ઈનકેમેરા વ્યથિત સાહેદ જુબાની કેન્દ્રમાં, વિ.એ.પી.પી.શ્રી, આરોપીના વિ.વ.શ્રી તથા ફરીયાદીના

વિ.વ.શ્રીની હાજરીમાં નોંધવામાં આવેલ, ભોગબનનાર કોઈ પણ દબાણ હેઠળ કે શરમ કે સંકોચ વિના જુબાની આપી શકે તે અંગે જરૂરી સમજ મેળવી તથા ખાત્રી કર્યા બાદ સપોર્ટ પર્સનની હાજરીમાં પુરાવો નોંધવામાં આવેલો છે.

ભોગબનનારે પોતાની આંક–૧૨ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે બનાવ વખતે તેણી, તેના માતા પિતાના ત્યાં ઝાલોરા ખાતે રહેતી હતી. તેઓ ત્રણ ભાઈ બહેન છે, તેની જન્મ તારીખ ૧૪/૯/૦૯ ની છે. તેણી ધો.૫ સુધી ભણેલી છે. બનાવ છ માસ પહેલા બનેલો. બનાવના દીવસે તેના માતા પિતા અને દાદા બધા ખેતરમાં ગયેલા અને તેના માતા પિતા ખેતરમાંથી ચારેક વાગે ઘરે પરત આવેલા ત્યારે તેણીએ ઘરકામ કરેલ ન હતુ જેથી વાસણ કપડા બાકી હતા જેથી તેની માતા તેની ઉપર ગુસ્સે થયેલી અને તેની સાથે ઝઘડો કરેલો જેથી તેણી રીસાઈને કોઈને કહયા વગર તેના મામાના ઘરે શીલજ મુકામે જતી રહેલી. ત્યાં લગભગ ૨૫ દીવસ રોકાયેલી. બાદ તેના મામાએ તેને સમજાવીને તેના ઘરે મુકવા માટે આવેલા અને ત્યાં તેના માતા પિતા અને દાદા બધા ઘરે હાજર હતા ત્યારે તેણીએ ઉપરની હકીકત તેઓને કહેલી આ સિવાય તેણીની સાથે બીજો કોઈ બનાવ બનેલ નથી. એવુ બનેલ નથી કે માલાજી ઠાકોર તેણીને સ્પેલન્ડર બાઈક ઉપર બેસાડી ભગાડી લઈ ગયેલ હોય અને બાદમાં પ્રાઈવેટ સાધન મારફતે અને ટ્રેનમાં બેસાડીને સુરત કામરેજ મુકામે લઈ ગયેલ હોય અને ત્યા કામરેજ મુકામે ગુરૂકૃપા સોસાયટીમાં મકાન ભાડે રાખેલ હોય અને ૨૫ દિવસ જેટલુ તેને

રાખેલ હોય અને તેની સાથે તેની મજરી વિરૂધ્ધ અવાર નવાર બળાત્કાર કરેલ હોય. પોલીસે તેનો જવાબ લીધેલો. તેને પોલીસ થોળ તથા મહેસાણા સીવીલ હોસ્પીટલ લઈ ગયેલા, ત્યાં ડૉ.શ્રીએ તેની પુછપરછ કરેલી. તેણીએ પોલીસને કપડા આપેલા, તેણીને મુદ્દામાલ કપડા બતાવવામાં આવે તો ઓળખી શકે તેમ જણાવલ છે. મુદ્દામાલ નામ.કોર્ટમાં રજુ નથી. પોલીસ તેને મહેસાણાની કોર્ટમાં લઈ ગયેલી, ત્યાં જજ સાહેબે તેની પુછપરછ કરી નિવેદન લીધેલ અને તેમાં તેની સહી લેવામાં આવેલી, સદર બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન તેણીને બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવતા સદર નિવેદન આંક–૧૩ થી રજુ કરેલ છે. ભોગબનનારે આરોપીને ઓળખતા હોવાનું જણાવી કોર્ટ રૂબરૂ આરોપીને ઓળખી બતાવેલ છે. ભોગબનનારે તેના પોલીસ રૂબરૂના નિવેદન બાબતે લેશમાત્ર સમર્થન કરતા ના હોઈ વિ. એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી તેઓની વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પણ તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી.

(૨૧.૧) **આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ કબુલ કરેલ છે કે** તેની માતા સાથે ઘરકામ બાબતે ઝઘડો થયેલ હોઈ, રીસાઈને તેણી તેના મામાના ઘરે જતી રહેલી અને તેને માલાજી ભગાડીને લઈ ગયેલ નથી કે તેને સ્પેલન્ડર ઉપર બેસાડી સુરત કામજેર મુકામે લઈ ગયેલ નથી કે તેને ગુરૂકૃપા સોસાયટીમાં ૨૫ જેટલુ રાખેલ નથી. ભોગબનનારે જણાવેલ છે કે તેણીની સાથે

તેની મરજી વિરૂધ્ધ અવાર નવાર માલાજીએ દુષ્કૃત્ય કરેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેણી મળી આવેલ નહી જેથી ગામ લોકોના કહેવાથી તેના દાદાએ માલાજી વિરૂધ્ધ ફરીયાદ કરેલી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેની માતાએ ડૉ.ને હીસ્ટ્રી લખાવેલ અને તેની માતાના શીખવાડયા મુજબ તેણીએ કોર્ટમાં લખાવેલુ.

(૨૨) **<u>ફરીયાદી/ભોગબનનારના દાદાનો પુરાવો</u>:–**

ફરીયાદપક્ષે તરફે ફરીયાદી/ભોગબનનારના દાદા ભીખાજી જગાજી ઠાકોરને સાહેદ નં.ર તરીકે તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે બનાવ આશરે છ માસ પહેલા બનેલો. તે દિવસે તેઓ ખેતરમાં ગયલા અને તેમનો દીકરો અને તેની પત્નિ સપના સાંજના ઘરે આવેલા. તેઓ ઘરે પરત આવેલ ત્યારે ભોગબનનાર ઘરે હાજર ન હતી. તેઓ બધાએ તેની શોધખોળ કરેલી પરંતુ તે મળી આવેલ નહી. લગભગ ૧૫ દિવસ જેટલુ તેઓએ શોધખોળ કરેલ પરંતુ તે કયાંયથી મળી આવેલ નહી જેથી તેમના વાસમાં રહેતા માલાજી ઉપર તેમના ગામના લોકોને શક હતો તેથી તેમના ગામના લોકોના કહેવાથી તેઓએ માલાજી વિરૂધ્ધ ફરીયાદ કરેલી. તેમને નિ.૫/૨ વાળી અસલ ફરીયાદ બતાવતા તેમાં તેમની સહી ઓળખી બતાવતા ફરીયાદ આંક–૧૧થી રજુ કરેલ છે. સાહેદે વધુમાં પોતાના પુરાવામાં જણાવેલ છે કે બાદ પાછળથી જાણવા મળેલ કે તેમની પુત્રવધુ સપના અને ભોગબનનાર વચ્ચે બોલાચાલી થયેલી જેથી તેમની પૌત્રી

ભોગબનનાર રીસાઈને પુત્ર વધુ સપનાના ભાઈના ઘરે શીલજ ખાતે ગયેલી. ત્યાં લગભગ ૨૫ દિવસ જેટલુ રોકાયેલી. બાદ પુત્રવધુ સપનાના ભાઈએ ભોગબનનારને સમજાવી તેમના ઘરે મુકવા આવેલા. ત્યાં સુધી તેમને ખબર ન હતી ભોગબનનાર પુત્રવધુ સપનાના ભાઈના ત્યાં જતી રહેલ છે. બાદ તેઓએ ભોગબનનારને પુછેલ કે તુ કયા જતી રહેલી ત્યારે તેણે ઉપર જણાવેલ હકીકત તેમને કહેલી. એવુ બનેલ નથી કે માલાજી ઠાકોર ભોગબનનારને સ્પેલન્ડર બાઈક ઉપર બેસાડી ભગાડી લઈ ગયેલ હોય અને બાદમાં પ્રાઈવેટ સાધન મારફતે અને ટ્રેનમાં બેસાડીને સુરત કામરેજ મુકામે લઈ ગયેલ હોય અને ત્યા કામરેજ મુકામે ગુરૂકૃપા સોસાયટીમા માકાન ભાડે રાખેલ હોય અને ૨૫ દિવસ જેટલુ ભોગબનનારે રાખેલ હોય અને તેની સાથે તેની મરજી વિરુધ્ધ અવાર નવાર બળાત્કાર કરેલ હોય. પોલીસે તેમનો જવાબ લીધેલો. આરોપીને ઓળખતા હોવાનું જણાવેલ છે. ફરીયાદીને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરી વિગતવાર પુછપરછ કરવા છતાં ફરીયાદમાંની હકીકતોને તેમજ ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી.

(૨૨.૧) **આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ કબુલ કરેલ છે કે** તેમની પુત્રવધુ સપના અને તેમની દીકરી વચ્ચે ઘરકમ બાબતે બોલાચાલી થતાં તેમની પૌત્રી રીસાઈને તેના મામાના ઘરે શીલજ મુકામે કોઈને કહ્યા વગર જતી રહેલી અને ત્યાં ૨૫ દિવસ જેટલુ રોકાયેલી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે

કે તેમની પૌત્રી સાથે આરોપી માલાજીએ કોઈ પ્રકારનુ દુષ્કૃત્ય કરેલ નથી કે તેમની પૌત્રી ભોગબનનારને ભગાડીને સુરત કામરેજ મુકામે લઈ ગયેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ ગામના લોકોના કહેવાથી માલાજી વિરૂધ્ધ ફરીયાદ આપેલી.

(૨૩) **ભોગબનનારની માતાનો પુરાવો:-**

ફરીયાદપક્ષે તરફે ભોગબનનારના માતા સપનાબેન ગંભીરજી ઠાકોરને સાહેદ નં.૧ તરીકે તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે બનાવ આશરે છ માસ પહેલા બનેલો. તે દિવસે તેઓ અને તેમના પતિ ખેતરમાં ગયેલા હતા. તેમના ત્રણેય બાળકો ઘરે હાજર હતા. તેઓ ઘરે આવ્યા તે પછી તેઓએ તેમની  દીકરીને કહેલ કે ઘરમાં જે કામ પડેલ તે કેમ હજુ સુધી કરેલ નથી. તે બાબતે તેઓને અને તેમની દીકરી વચ્ચે બોલાચાલી થયેલી જેથી તેમની દીકરી રીસાઈને તેમના ભાઈના ઘરે શીલજ ખાતે ગયેલી. ત્યાં લગભગ ૨૫ દિવસ જેટલુ રોકાયેલી. બાદ તેમના ભાઈએ ભોગબનનારે સમજાવી તેમના ઘરે મુકવા આવેલા. ત્યા સુધી તેમને ખબર ન હતી ભોગબનનાર તેમના ભાઈના ત્યાં જતી રહેલ છે. બાદ તેઓએ ભોગબનનારને પુછેલ કે તુ કયા જતી રહેલી ત્યારે તેણે ઉપર જણાવેલ હકીકત તેમને કહેલી. ભોગબનનાર સાથે આ સિવાય બીજુ કઈ બનેલ નથી. સાહેદે વધુમાં પોતાના પુરાવામાં જણાવેલ છે કે એવુ બનેલ નથી કે માલાજી ઠાકોર ભોગબનનારને સ્પેલન્ડર બાઈક ઉપર બેસાડી

ભગાડી લઈ ગયેલ હોય અને બાદમાં પ્રાઈવેટ સાધન મારફતે અને ટ્રેનમાં બેસાડીને સુરત કામરેજ મુકામે લઈ ગયેલ હોય અને ત્યા કામરેજ મુકામે ગુરૂકૃપા સોસાયટીમા માકાન ભાડે રાખેલ હોય અને ૨૫ દિવસ જેટલુ ભોગબનનારે રાખેલ હોય અને તેની સાથે તેની મજરી વિરૂધ્ધ અવાર નવાર બળાત્કાર કરેલ હોય. પોલીસે તેમનો જવાબ લીધેલો. આરોપીને ઓળખતા હોવાનું જણાવેલ છે. આ સાહેદને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરી વિગતવાર પુછપરછ કરવા છતાં પણ ફરીયાદમાંની હકીકતોને તેમજ ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી.

(૨૩.૧) **આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ કબુલ કરેલ છે કે** તેઓને અને તેમની દીકરી વચ્ચે ધરકમ બાબતે બોલાચાલી થતાં તેમની દીકરી રીસાઈને તેમના ભાઈના ધરે કોઈને કહયા વગર જતી રહેલી.એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમની દીકરી સાથે આરોપી માલાજીએ કોઈ પ્રકારનુ દુષ્કૃત્ય કરેલ નથી કે તેમની દીકરી ભોગબનનારને ભગાડીને સુરત કામરેજ મુકામે લઈ ગયેલ નથી અને ત્યાં ૨૫ દિવસ રાખેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ગામ લોકોના કહેવાથી શકના આધારે તેમના સસરાએ ફરીયાદ કરેલ છે.

**<u>મેડીકલ ઓફીસરશ્રીઓનો પુરાવો :-</u>**

(૨૪) આ કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૪ તરીકે ડો. માર્ગીબેન નાગજીભાઈ પટેલને આંક-૧૪** થી તપાસવામાં આવેલા છે. આ

સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે તેઓ એમ.બી.બી.એસ. છે અને છેલ્લા આઠ મહીનાથી સી.એચ.સી, થોળ ખાતે મેડી.ઓફીસર તરીકે ફરજ બજાવે છે. તેઓ તા.૩૧–૧૦–૨૫ ના રોજ તેમની ફરજ ઉપર સી.એચ.સી,થોળ ખાતે હાજર હતા ત્યારે ભોગબનનાર ઉ.૧૬ વર્ષ અને ૧ માસ અને ૧૭ દિવસ રહે. ઝાલોરાવાળીને સાંજે ૫–૫૫ વાગે હેડ.કોન્સ.નિલમબેન બ.નં.૧૧૩૦ બાવલુ પો.સ્ટે.વાળા પોલીસ યાદી સાથે મેડીકલ તપાસ માટે લાવેલ. ભોગબનનારની તપાસ ભોગબનનારની સંમતી લઈ કરેલ. ભોગબનનારના ઓળખના નીશાન નોંધેલા. ભોગબનનારે તેમને સભાન અવસ્થામાં તથા પોતાના શબ્દોમાં હીસ્ટ્રી આપેલ કે " હુ અને માલાજી તા.૩/૧૦/૨૫ ના રોજ બાઈકથી ઘરેથી મેડા આદરજ ગયા ત્યાંથી રીક્ષામાં કલોલ ગયા અને ત્યાં અમદાવાદ અને અમદાવાદથી ટ્રેનથી સુરત ગયા. ત્યાં અમે સુરતના કામરેજ વિસ્તારમાં ભાડે રૂમ રાખેલ અને આજે તા. ૩૧/૧૦/૨૫ સુધી ત્યાં રોકાયેલા. ત્યાં અમે લગભગ દશથી પંદરવાર શારીરીક સબંધ બાંધેલો અને મારી મરજીથી બાંધેલો અને પછી પોલીસ દ્વારા અમને આજે તા. ૩૧/૧૦/૨૫ ના રોજ સમયે ૧.૩૦ વાગે બાવલુ પો.સ્ટે.લાવવામાં આવેલા''. ભોગબનનારને મેડીકલ તપાસ અને તેમાં લેવામાં આવતા સેમ્પલોની સંપુર્ણ માહીતી આપેલ અને તેમની લેખીતમાં પરવાનગી લીધેલ. ભોગબનનારની મેડીકલ તપાસ ફરજ પરના સ્ટાફ નર્સ થા વુ.પો.કો. નિલમબેન બાવલુ પો.સ્ટેશનની હાજરીમાં કરેલ. ભોગબનનારને તપાસતા ભોગબનનારનુ વજન

૪૧.૫ કી.ગ્રામ તથા ઉંચાઈ ૧૪૮ સે.મી હતી. તેમના બીજા શારીરીક લક્ષણોમાં સ્તન, નીપલ અને બાહ્ય જનનાંગ વિકસીત હતા. ભોગબનનારની માસીકની છેલ્લી તા.૧૮/૧૦/૨૫ હતી. ભોગબનનારનુ માસીક ૨૮ થી ૩૦ દિવસનુ સાયકલ નું હતું. ભોગબનનારના બાહ્ય જનનાંગ પર ૨ થી ૩ સે.મી લાંબા કાળા વાળ હતા, જેમાં ચીકાસવાળા પદાર્થ કે બાહ્ય પદાર્થ કે પ્રવાહીની હાજરી ન હતી. ભોગબનનારના શરીર ઉપર બાહ્ય ઈજાના નીશાન ન હતા. ભોગબનનારનું હાઈમન તુટેલું હતુ, સરકયુલર અને ઈ રેગ્યુલર એજ હતુ. ભોગબનનારનુ બી.પી. ૧૧૦/૭૦ એમ.એમ.એચ.જી હતુ. ધબકારા ૯૦ પતિમીનીટ હતા. ભોગબનનારે સ્નાન કરી દીધેલ તથા કપડા બદલી દીધેલ હતા. ભોગબનનારના તેઓએ (૧) લોહી ઈન કોટન (૨) નખ (૩) લાળ (૪) ગુપ્ત ભાગના વાળ (૫) વજાઈનલ સ્વાબ (૬) લોહી ઈન પ્લેન (૭) વજાઈનલ સ્લાઈડના સેમ્પલ લીધેલ અને આ સેમ્પલ બાવલુ પો.સ્ટે.મારફતે એફ.એસ.એલ અમદાવાદ ખાતે મોકલાવેલ. ભોગબનનારને વધુ ગાયનેકોલોજીકલ તપાસ અર્થે તથા અન્ય જરૂરી સેમ્પલ લેવા માટે તથા અભિપ્રાય માટે સીવીલ હોસ્પીટલ, મહેસાણા ખાતે રીફર કરેલ. સાહેદને નિ.૫/૮ વાળુ મેડી. સર્ટી. બતાવતા જે સર્ટી. તેમના હસ્તાક્ષરમાં છે અને સર્ટી.ના અંતે તેમના હોદ્દાનો સીકકો અને સહી છે, જે ઓળખી બતાવી સર્ટી. આંક-૧૫ થી, પોલીસ યાદી આંક-૧૬ થી, ભોગબનનારના અસલ કેસ પેપર્સ પેજ-૨ સંયુકત આંક-૧૭

થી, ભોગબનનારના લીધેલ નમુના સબબનુ ફોર્મ ૨–બી ની સ્થળપત્ર આંક–૧૮ થી રજુ કરેલ છે.

સાહેદે વધુમાં પોતાના પુરાવામાં જણાવેલ છે કે તેઓ તા.૩૧–૧૦–૨૫ ના રોજ તેમની ફરજ ઉપર સી.એચ.સી,થોળ ખાતે હાજર હતા ત્યારે ઠાકોર માલાજી વીહાજી પ્રહેલાદજી ઉ.વ.૨૬ રહે. ઝાલોરાવાળાને સાંજે ૭.૧૦ વાગે પો.કો. લગધીરભાઈ બ.નં. ૧૫૯૭ બાવલુ પો.સ્ટે.વાળા પોલીસ યાદી સાથે મેડીકલ તપાસ માટે લાવેલ. આરોપીના ઓળખના નીશાનમાં (૧) છાતીના ભાગે ત્રીશુળ દોરેલાનુ ટેટુમાર્ક (૨) જમણા હાથ ઉપર મેલડી નામનુ ટેટુમાર્ક હતુ. આરોપીએ તેમને સભાન અવસ્થામાં તથા પોતાના શબ્દોમાં હીસ્ટ્રી આપેલ કે '' હુ અને ભોગબનનાર તા.૩/૧૦/૨૫ ના રોજ બપોરે ૩.૩૦ વાગે ઝાલોરાથી મેડા આદરજ અને ત્યાંથી કલોલ અને કલોલથી અમદાવાદ ગયેલા. અમદાવાદથી સુરત ગયા. સુરતમાં કામરેજ વિસ્તારમાં એક રૂમ રાખીને રહેતા હતા અને આટલા સમય દરમ્યાન ૨૪ થી ૨૫ વાર શારીરીક સબંધ બાંધેલ છે. અમને તા. ૩૧/૧૦/૨૫ ના રોજ પોલીસ દ્વારા બપોરે બાવલુ પો.સ્ટે.લાવવામાં આવેલા. મારા લગ્ન દશ વર્ષ પહેલા થયેલા છે. મારે બે બાળકો છે. જે સાડા ચાર વર્ષ અને છ મહીનાના છે". આરોપી પરણીત હતા. આરોપીને તપાસતા આરોપીનુ વજન ૪૭.૭કી.ગ્રામ તથા ઉંચાઈ ૧૭૭ સે.મી હતી. આરોપીના ગુપ્ત ભાગે કોઈ દેખીતી ઈજાના ચિન્હો ન હતા. આરોપીનું બ્લડપ્રેશર ૧૩૦/૯૦ મીલીમીટર ઓફ એચ.જી હતું, આરોપીના નાડીના

ધબકારા ૯૦ પ્રતિમીનીટ હતા. આરોપીના જનનાંગો સુવિકસીત હતા. આરોપીના તેઓએ (૧) લોહી ૫ સી.સી (૨) નખ (૩) લાળ (૪) ગુપ્ત ભાગના વાળ (૫) સીમેન (૬) લોહી ઈન કોટનના સેમ્પલ લીધેલ અને આ સેમ્પલ બાવલુ પો.સ્ટે.મારફતે એફ.એસ.એલ અમદાવાદ ખાતે મોકલાવેલ.તેમના અભિપ્રાય મુજબ આરોપી શારીરીક સબંધ બાંધવા સક્ષમ હતો. સાહેદને નિ.૫/૯ વાળુ મેડી. સર્ટી. બતાવતા જે સર્ટી. તેમના હસ્તાક્ષરમાં છે અને સર્ટી.ના અંતે તેમના હોદ્દાનો સીકકો અને સહી છે, જે ઓળખી બતાવતા સર્ટી. આંક–૧૯ થી, પોલીસ યાદી આંક–૨૦ થી, આરોપીના અસલ કેસ પેપર્સ પેજ–૨ આંક–૨૧ થી, આરોપીના લીધેલ નમુના સબબનુ ફોર્મ ૨–બીની સ્થળપત્ર આંક–૨૨ થી રજુ કરેલ છે.

(૨૪.૧) **આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલ્ટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે** ભોગબબનારની સાથે તેઓના સગાવ્હાલા પણ આવેલા. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે બનાવની હીસ્ટ્રી ભોગબનનારના સગાવ્હાલાએ લખાવેલી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ભોગબબનારના શરીર ઉપર કે ગુપ્ત ભાગ ઉપર કોઈ ઈજા કે જોરજુલમના નિશાન ન હતા. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ભોગબબનારના અવયવો વિકસીત હતા. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે ભોગબનનારના અવયવો પુખ્ય વય ની સ્ત્રી જેવા વિકસીત હતા અને ભોગબનનારના અવયવો વિકસીત હતા તેથી ભોગબનનાર પુખ્ય વયની હતી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે આરોપીની હીસ્ટ્રી પોલીસ યાદી

મુજબ લખી લીધેલ અને  આરોપીની સંમતિ કોરા કાગળ ઉપર લઈ લીધેલ.

(૨૫) આ કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.પ તરીકે ડો.સાનીધ્યા જીતેન્દ્ર વ્યાસને આંક–૨૩** થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે તેઓ એમ.બી.બી.એસ. છે અને છેલ્લા બે મહીનાથી સીવીલ હોસ્પીટલ, મહેસાણા ખાતે મેડી.ઓફીસર તરીકે ફરજ બજાવે છે.  તેઓ તા.૩૧–૧૦–૨૫ ના રોજ તેમની ફરજ ઉપર સીવીલ હોસ્પીટલ, મહેસાણા ખાતે હાજર હતા ત્યારે ભોગબનનાર ઉ.૧૬ વર્ષ અને ૧ માસ અને ૧૭ દિવસ રહે. ઝાલોરાવાળીને રાત્રે ૯–૩૦ વાગે હેડ.કોન્સ.નિલમબેન બ.નં.૧૧૩૦ બાવલુ પો.સ્ટે.વાળા સી.એચ.સી, થોળની રીફર ચીટ સાથે મેડીકલ તપાસ માટે લાવેલ. ભોગબનનારની તપાસ ભોગબનનારની સંમતી લઈ કરેલ. ભોગબનનારના ઓળખના નીશાન નોંધેલા. ભોગબનનારે તેમને સભાન અવસ્થામાં તથા પોતાના શબ્દોમાં હીસ્ટ્રી આપેલ કે " માલાજી ઠાકોરે સૌથી પહેલીવાર એક વર્ષ પહેલા ઝાલોદામાં શારીરીક સબંધ બાંધેલ. પોતાની ઈચ્છાથી ગઈ હતી. છેલ્લી વાર તા. ૨૯/૧૦/૨૫ ના રોજ રાત્રે ૧૧.૦૦ વાગે કોન્ડોમ વગર કામરેજમાં શારીરીક સબંધ બાંધેલા હતા. દશથી બાર વાર શારીરીક સબંધ બાંધેલ". ભોગબનનારને મેડીકલ તપાસ અને તેમાં લેવામાં આવતા સેમ્પલો ની સંપુર્ણ માહીતી આપેલ અને તેમની લેખીતમાં પરવાનગી લીધેલ. ભોગબનનારની મેડીકલ તપાસ ફરજ પરના

સ્ટાફ નર્સ તથા વુ.પો.કો. નિલમબેન બાવલુ પો.સ્ટેશનની હાજરીમાં કરેલ. ભોગબનનારની માસીક ની છેલ્લી તા.૧૫/૧૦/૨૫ હતી. ભોગબનનારનુ માસીક ૨૮ થી ૩૦ દિવસનુ સાયકલ નું હતું. ભોગબનનારના બાહ્ય જનનાંગ પર લાંબા કાળા વાળ હતા, જેમાં ચીકાસવાળા પદાર્થ કે બાહ્ય પદાર્થ કે પ્રવાહીની હાજરી ન હતી. ભોગબનનારના શરીર ઉપર બાહ્ય ઈજાના નીશાન ન હતા. બગલના ભાગે વાળ ન હતા. કોઈ દુખાવાની કે બીજી કોઈ ફરીયાદ ન હતી. ભોગબનનારનુ ભોગબનનારે સ્નાન કરી દીધેલ તથા કપડા બદલી દીધેલ હતા. ભોગબનનારના તેઓએ (૧) વજાઈનલ વોશ (૨) બ્રેસ્ટ સ્વાબ–૨ (૩) યુરેથલ સ્વાબ–૨ (૪) વલવલ સ્વાબ–૨ (૫) વજાઈનલ સ્વાબ–૨ (૬) વજાઈનલ સ્મીયર–૨ ના સેમ્પલ લીધેલ અને આ સેમ્પલ બાવલુ પો.સ્ટે.મારફતે એફ.એસ.એલ અમદાવાદ ખાતે મોકલાવેલ. ગાયનેકોલોજીસ્ટના અભિપ્રાય મુજબ ભોગબનનારની સાથે સંભોગની શકયતા નકારી શકાય નહી. દંતસર્જનના અભિપ્રાય મુજબ ભોગબનનારની ઉમર ૧૫ થી ૧૭ વર્ષ વચ્ચેની હોઇ શકે. રેડીયોલોજીસ્ટના અભિપ્રાય મુજબ ભોગબનનારની ઉમર ૧૬ વર્ષથી વધુ થી ૧૭ વર્ષ ઓછી હોઈ હોઈ શકે. માનસીક રોગના ડૉ.ના અભિપ્રાય મુજબ ભોગબનનારને કોઈ માનસીક બીમારી જણાયેલ નહી. સાહેને નિ.૫/૧૦ વાળુ મેડી. સર્ટી. બતાવતા જે સર્ટી. તેમના હસ્તાક્ષરમાં છે અને સર્ટી.ના અંતે તેમના હોદ્દાનો સીકકો અને સહી છે, જે ઓળખી બતાવી આંક–૨૪ થી, રીફર ચીટ આંક–૨૫ થી,

ભોગબનનારના અસલ કેસ પેપર્સ પેજ–૧૨ તથા એકક્ષરે નંગ–૨ સંયુકત આંક–૨૬ થી, ભોગબનનારના લીધેલ નમુના સબબનુ ફોર્મ ૨–સી ની સ્થળપત્ર આંક–૨૭ થી રજુ કરેલ છે.

(૨૫.૧) **આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે** ભોગબબનારની સાથે તેઓના સગાવ્હાલા પણ આવેલા અને ભોગબબનારના શરીર ઉપર કે ગુપ્ત ભાગ ઉપર કોઈ ઈજા કે જોરજુલમના નિશાન ન હતા અને ભોગબબનારના અવયવો વિકસીત હતા. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે ભોગબનનારના અવયવો પુખ્ય વય ની સ્ત્રી જેવા વિકસીત હતા અને ભોગબનનારના અવયવો વિકસીત હતા તેથી ભોગબનનાર પુખ્ય વયની હતી.

**<u>ત.ક.અધિ.શ્રીનો પુરાવો :–</u>**

(૨૬) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૬ તરીકે ચૌધરી સુરેશકુમાર રત્નાભાઇને આંક–૩** થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે તા.૧૯/૧૦/૨૫ ના રોજ તેઓ પી.આઈ તરીકે બાવલુ પો.સ્ટે.માં તેમની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન આ કામના ફરીયાદીએ પોતાની ફરીયાદ હકીકત જાહેર કરતાં તેઓના લખાવ્યા મુજબની ફરીયાદ તેઓએ લખી લીધેલ. તેમને આંક–૧૦ વાળી અસલ ફરીયાદ બતાવતા જેમાં તેમની તથા ફરીયાદીની સહી છે, જે ઓળખી બતાવેલ છે. બાદ આ કામે તેઓએ બી.એન.એસ ૨૦૨૩ ની કલમ ૧૩૭(૨) વિ. મુજબનો ગુનો બનતો હોઈ, ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ

તેઓએ જાતે સંભાળી લીધેલ. જે ગુનો રજીસ્ટર કરવાનો રીપોર્ટ નિ. ૫/૧ થી રજુ છે, જેમાં તેમની સહી છે, જે રીપોર્ટ આંક–૩૩ થી રજુ કરેલ છે. બાદ ભોગબનનારના જન્મનું પ્રમાણ પત્ર મેળવી કામમાં સામેલ રાખેલ. બાદ ભોગબનનારનુ નિવેદન લીધેલ. બાદ ભોગબનનારના કપડા પંચનામાની રૂએ કબજે કરેલ જે આંક–૨૮ થી રજુ છે, બાદ ભોગબનનારને થોળ સી.એચ.સી ખાતે મેડીકલ માટે મોકલી આપેલ. અને વધુ તપાસ સારૂ સીવી હોસ્પીટલ મહેસાણા ખાતે મોકલી આપેલ. બાદ લાગતા વગળતા સાહેદોના નિવેદન લીધેલા. બાદ આ કામે આરોપીને અટક કરેલ જે આરોપીને અટક કર્યા અંગે સ્ટે.ડા.માં નોંધ કરવાનો રીપોર્ટ નિ.૫/૧૨ થી રજુ છે, જે આંક–૩૪ થી રજુ કરેલ છે. બાદ આ કામના આરોપીના કપડા કબજે કરવા સારૂ બે પંચોની હાજરીમાં પંચનામાની રૂએ કપડા કબજે કરેલા. બાદ આ કામે ગુનામાં વપરાયેલ બાઈકનુ પંચનામુ કરવામાં આવેલ જે આંક–૩૦ થી રજુ છે. બાદ બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરવામાં આવેલ જે આંક–૩૧ થી રજુ છે. બાદ આરોપીને મેડીકલ ચકાસણી સારૂ મોકલી આપેલ. તેમને નિ. ૫/૧૧ બતાવતા જે સ્થળપરીક્ષણ અહેવાલ છે, જે સદર કામે સામેલ રાખેલ તે તે જ છે, જે આંક–૩૫ થી રજુ કરેલ છે. બાદ કબજે કરેલ મુદ્દામાલ મુદ્દામાલ રવાનગી મારફતે અમદાવાદ ખાતે મોકલી આપેલ જે રવાનગી પત્રક નિ. ૫/૧૩ રજુ છે, જેમાં તેમની સહી છે, જે આંક–૩૬ થી રજુ કરેલ છે. તેમને નિ. ૫/૧૪ બતાવતા જે મુદ્દામાલ મળ્યા અંગેની પહોચ છે, જે આંક–૩૭ થી રજુ કરેલ છે. બાદ આ કામે આરોપી વિરૂધ્ધ

પુરતા પુરાવા પડતા હોઈ નામ.કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ. જે આરોપીને તેઓએ અટક કરેલ તે આરોપીને ઓળખતા હોવાનું જણાવી તમો આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ સાહેદે ફરીયાદી ભીખાભાઈ ઠાકોરે તા.૧૯/૧૦/૨૫ ના રોજની ફરીયાદમાં તથા સાહેદ સપનાબેન ગંભીરજી ઠાકોરે તા.૨૦/૧૦/૨૫ તથા તા.૩૧/૧૦/૨૫ ના પોતાના નિવેદનમાં તેમજ ભોગબનનારે પોતાના તા.૩૧/૧૦/૨૫ ના પોલીસ રૂબરૂના નિવેદનમાં જે હકીકત લખાવેલી તે હકીકતો પોતાના પુરાવામાં પુનરાવર્તીત કરેલ છે.

(૨૬.૧) **આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે** પંચનામામા જાતે પો.સ્ટે.માં તૈયાર કરી પાછળથી પંચોની સહીઓ લીધેલી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે ફરીયાદી તથા સાહેદોના નિવદન ફરીયાદને અનુરૂપ જાતે લખી લીધેલ અને આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ છે.

(૨૭) હાલના કામે આરોપી સામે એ મતલબનું તહોમત મુકવામાં આવેલ છે કે, આરોપીએ ફરીયાદીની સગીર વયની પૌત્રી ભોગબનનાર ઉંમર ૧૬ વર્ષ, ૧ માસ અને ૧૭ દિવસનીને, ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતાં હોવા છતાં, આરોપી ભોગબનનારને પ્રેમ કરતા હોઈ જેથી આરોપીએ સગીર વયની ભોગબનનારને પોતાની સાથે નાસી જઈ, લગ્ન કરવાનું કહેતા, ભોગબનનાર આરોપીના કહયા મુજબ પોતાના ઘરેથી તા.૩/૧૦/૨૦૨૫ ના રોજ બપોરના

ત્રણ વાગ્યાની આજુબાજુ આરોપી સાથે આવેલ અને આરોપીએ ભોગબનનારને પોતાની સાથે અલગ અલગ પ્રાઈવેટ વાહનોમાં બેસી અમદાવાદ, કાલુપુર રેલ્વે સ્ટેશન ગયેલ અને ત્યાંથી ટ્રેન મારફતે સુરત જીલ્લાના કામરેજ મુકામે ગયેલ અને કામરેજ મુકામે આવેલ ગુરૂકૃપા સોસાયટીની અંદર આવેલ ગોકુલ નગરમાં આરોપીએ રૂમ ભાડે રાખી, ભોગબનનારને ત્યાં રાખી, તે રીતે આરોપીએ ફરીયાદીની પૌત્રી ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતાં હોવા છતાં, પોતે પરણીત અને બે બાળકોના પિતા હોઇ, તેમ છતાં સગીર વયની ભોગબનનારને તેના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી, જાતીય કરવાના ઈરાદે, ભોગબનનારનું અપહરણ કરી, ભોગબનનારને પોતાની સાથે અલગ અલગ પ્રાઈવેટ વાહનોમાં બેસી અમદાવાદ, કાલુપુર રેલ્વે સ્ટેશન ગયેલ અને ત્યાંથી ટ્રેન મારફતે સુરત જીલ્લાના કામરેજ મુકામે ગયેલ અને કામરેજ મુકામે આવેલ ગુરૂકૃપા સોસાયટીની અંદર આવેલ ગોકુલ નગરમાં આરોપીએ રૂમ ભાડે રાખી, ભોગબનનારને ત્યાં રાખી, ભોગબનનાર સાથે અવાર નવાર રાત્રીના સમયે તમો આરોપીએ સંભોગ (બળાત્કાર) કરી, ભોગબનનાર ઉપર જાતિય તેમજ પ્રવેશ જાતિય તેમજ ઉગ્ર(ગંભીર) પ્રવેશ જાતીય હુમલો કરી, બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા બાળકોના જાતીય સતામણીના ગુનાઓની સામે રક્ષણ આપતો કાયદો ૨૦૧૨ ની કલમ–૪, ૫(એલ), ૬, ૮,૧૨ મુજબના સજાને પાત્ર ગુનાઓ કર્યા છે.

(૨૮) ઉપરોકત મુદ્દો નિર્ણીત કરતા પહેલા રેપ/પ્રવેશ જાતિય હુમલાના કેસમાં પુરાવાનું મુલ્યાં કન કેવું અને કઈ રીતે હોવુ જોઈએ તે માટે નીચે મુજબના કેસ લો નો રેફરન્સ લેવો યોગ્ય જણાય છે.

(૨૮.૧) **ભવાનભાઈ ઉર્ફે માસા મેલાભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદાના પેરા–૩૭, ૩૮, ૪૧ ધ્યાનમાં લેવા જરૂરી છે જે નીચે મુજબ છે:

37.) The Supreme Court, in the case of Mohd.Iqbal M.Shaikh v. State of Maharashtra, in AIR 1998 SC 2864, has held as under :

> "19. We are quite aware of the principle that in a country like India where it is difficult to find witness who has not made any embellishment or exaggeration, and therefore, in such case Court would be justified in separating the chaff from the grain and then act upon the grain. But where the evidence consists of only chaff as in the present case, question of separating chaff from the grain would not arise. Then again when all the eye-witnesses suffer from the same infirmities as has been discussed by us, question of one corroborating the other would not arise. If a witness is partly reliable and partly unreliable then one may look for corroboration to the reliable part of the ocular version of a witness. But if a witness wholly unreliable as has been assessed by us, the question of corroboration does not arise. It is no doubt true that the incident with which we are concerned in the present case was a ghastly one and on account of communal frenzy several people belonging to one community were burnt alive by some others but unless and until the prosecution evidence conclusively established those others, as the perpetrators of the crimes, it is not possible for a Court of law to record conviction on mere conjecture and hypothesis."(38.) In the case of Varkey Joseph v. State of Kerala, reported in 1993 Suppl. (3)

SCC 745, the Supreme Court has held that suspicion is not the substitute for proof. There is a long distance between 'may be true' and 'must be true' and the prosecution has to travel all the way to prove its case beyond reasonable doubt.

(39.) In the case of Sujit Biswas v. State of Assam, reported in (2013)12 SCC 406, the Supreme Court, while examining the distinction between 'proof beyond reasonable doubt' and 'suspicion' has held as under :

"13. Suspicion, however grave it may be, cannot take the place of proof, and there is a large difference between something that "may be" proved, and something that "will be proved". In a criminal trial, suspicion no matter how strong, cannot and must not be permitted to take place of proof. This is for the reason that the mental distance between "may be" and "must be" is quite large, and divides vague conjectures from sure conclusions. In a criminal case, the court has aduty to ensure that mere conjectures or suspicion do not take the place of legal proof. The large distance between "may be" true and "must be" true, must be covered by way of clear, cogent and unimpeachable evidence produced by the prosecution, before an accused is condemned as a convict, and the basic and golden rule must be applied. In such cases, while keeping in mind the distance between "may be" true and "must be" true, the court must maintain the vital distance between mere conjectures and sure conclusions to be arrived at, on the touchstone of dispassionate judicial scrutiny, based upon a complete and comprehensive appreciation of all features of the case, as well as the quality and credibility of the evidence brought on record. The court must ensure, that miscarriage of justice is avoided, and if the facts and circumstances of a case so demand, then the benefit of doubt must be given to the accused, keeping in mind that a reasonable doubt is not an imaginary, trivial or a merely probable doubt, but a fair doubt that is based upon reason and common sense."

(41.) One of the fundamental principles of the criminal jurisprudence undeniably is that the burden of proof squarely rests on the

prosecution and that the general burden never shifts. There can be no conviction on the basis of surmises and conjectures or suspicion howsoever grave it may be. Strong suspicion, strong coincidences and grave doubt cannot take the place of legal proof. The onus of the prosecution cannot be discharged by referring to very strong suspicion and existence of highly suspicious factors to inculpate the accused nor falsity of defence could take the place of proof which the prosecution has to establish in order to succeed, though a false plea by the defence at best, be considered as an additional circumstance, if other circumstances unfailingly point to the guilt.

(૨૮.૨) **અજીતકુમાર સીંગ ભગોરા વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૨૦(૧) જી.એલ.આર. પાના નં.૨૭** ના પેરા–૨૨ ધ્યનમાં લેવો જરૂરી છે જે નીચે મુજબ છે:

(22.) In the cases of rape, the law does not require corroboration and, therefore, if the evidence of the prosecutrix is believed, there is no bar to convict the accused on her testimony alone. To put it in other words, there is no such law which requires corroboration before the statement of the prosecutrix is acted upon. Indisputably, a prosecutrix is a competent witness (vide section 118 of the Evidence Act). She is not an accomplice within the domain of section 133 of the Evidence Act. Thus, her statement, as such, does not require a corroboration within the meaning of section 114-B (114- A) of the Evidence Act which provides that an accomplice is unworthy of credit unless she is corroborated in material particulars. The prosecutrix is a victim like any other victim of any other offence. Hence, the same weight is to be attached to her statement which requires to be attached to the statement of an injured person. Therefore, if the statement of the prosecutrix is quite clear and unequivocal on the point as to who has ravished her, there is no reason, whatsoever, as to why the said statement,without any corroboration from any quarter, whatsoever,

cannot form thebasis of conviction. Thus, her statement is to be scrutinized like the statement of any other witness and if there is a ring of truth about it and if it inspires confidence, the Courts would be under an obligation to rely thereupon. However, the principal question we need to answer is to what extent we should accept the case of the prosecutrix having regard to the evidence on record. If the statement of the prosecutrix suffers from serious infirmities, inconsistencies and the overall case put up by the prosecution does not inspire any confidence, then it would be very hazardous to base the conviction solely on the evidence of the prosecutrix.

(૨૮.૩) **વિજયન વિરૂધ્ધ સ્ટેટ ઓફ કેરાલા, ૨૦૦૮ (૧૪) એસસીસી ૮૬૩** ના પેરા–૨૭, ૨૮ ધ્યનમાં લેવા જરૂરી છે જે નીચે મુજબ છે:

In the said case, the prosecutrix who was aged about 17 years, was the neighbour of the accused. In her testimony, the prosecutrix set up the case that the accused had raped her when no one else was there in the house and she was raped in the house. She did not give any complaint either to her parents or to the police in view of the promise alleged to have been made by the accused to get married to her. She became pregnant and while she was carrying a child of seven months, she requested the accused to marryher. The accused declined. Thereafter, a complaint was lodged after sevenmonths. On such facts, the Supreme Court noted that no complaint or grievance was made either to the police or the parents thereto. The Court held as follows:
"..........In cases where the sole testimony of the prosecutrix is available, it is very dangerous to convict the accused, specially when the prosecutrix could venture to wait for seven months for filing the FIR for rape. This leaves the accused totally defenceless. Had the prosecutrix lodged the complaint soon after the incident, there would have been some

supporting evidence like the medical report or any other injury on the body of the prosecutrix so as to show the sign of rape. If the prosecutrix has willingly submitted herself to sexual intercourse and waited for seven months for filing the FIR it will be very hazardous to convict on such sole oral testimony. Moreover, no DNA test was conducted to find out whether the child was born out of the said incident of rape and that the appellant-accused was responsible for the saidchild. In the face of lack of any other evidence, it is unsafe to convict the accused."

(28.) In the case of Kaini Rajan v. State of Kerala, reported in 2013 (9) SCC 113, on 17.9.1997 at about 8.30 a.m. it was alleged the prosecutrix was raped at a site which was by the side of a public road. It was the case of the prosecutrix that she tried to make hue and cry but was silenced by the accused by stating that he would marry her. Even after this incident he had sexual intercourse on more than one occasion. The prosecutrix became pregnant, gave birth to a child and accused did not keep his promise to marry her. It is thereafter that on 26.7.1998 nearly 10 months after the alleged rape that a case was registered. The Supreme Court referred the Vijayan's case (supra), took note of the place being on the side of a public road, the aspect of delayed filing of the report and also the behavior of the parents of the prosecutrix in not approaching the family members of the accused for marrying the prosecutrix and instead lodging the report. The Court also found that having regard to the site, if the prosecutrix has made any resistance or made hue and cry it would have attracted large number of people from the locality. The appeal filed by the accused was allowed.

(૨૮.૪) **નામ.સર્વોચ્ચ અદાલતના રાજા વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકા, ૨૦૧૬(૧૦) એસસીસી ૫૦૬ ના કેસમાં** ટ્રાયલ કોર્ટે ગેંગ રેપના કિસ્સામાં આરોપીઓને નિર્દોષ છોડી મકેલા, સદર ચુકાદા સામે નામ.ગુજરાત હાઈકોર્ટમાં અપીલ થતાં અપીલ ગ્રાહ્ય રાખવામાં

આવેલી અને આરોપીઓને દોષીત ઠરાવેલા. નામ.હાઈકોર્ટના હુકમની સામે નામ.સુપ્રિમ કોર્ટમાં અપીલ દાખલ થતાં નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા અપીલ ગ્રાહ્ય રાખવામાં આવેલી અને આરોપીઓને દોષીત ઠરાવેલા તે ચુકાદાને માન્ય રાખેલો અને આરોપીઓને દોષીત ઠરાવતો નામ.હાઈકોર્ટનો ચુકાદો રદ્દ બાતલ ઠરાવેલો. સદર ચુકાદાના પેરા–૨૪ ધ્યાનમાં લેવો જરૂરી છે જે નીચે મુજબ છે.

> (24.) This Court in Raju (supra), while reiterating that the evidence of the prosecutrix in cases of rape, molestation and other physical outrages is to be construed to be that of an injured witness so much so that no corroboration is necessary, ruled that an accused must also be protected against the possibility of false implication. It was underlined that the testimony of the victim in such cases, though commands great weight butthe same, cannot necessarily be universally and mechanically accepted to be free in all circumstances from embellishment and exaggeration. It was ruled that the presumption of absence of consent of the victim, where sexual intercourse by the accused is proved as contemplated in Section 114A of the Evidence Act, was extremely restricted in its application compared to the sweep and ambit of the presumption under Sections 113A and 113B of the Indian Evidence Act. It was exposited that insofar as the allegation of rape is concerned, the evidence of the prosecutrix must be examined as that of a injured witness whose presence at the spot is probable but it can never be presumed that her statement should always without exception, be taken as gospel truth. The essence of this verdict which has stood the test of time proclaims that though generally the testimony of a victim of rape or non-consensual physical assault ought to be accepted as true and unblemished, it would still be subject to judicial scrutiny lest a casual,

routine and automatic acceptance thereof results in unwarranted conviction of the person charged.

(૨૯) આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષના મહત્વના સાહેદ એ ભોગબનનાર છે તેથી ભોગબનનારના પુરાવાનું મુલ્યાંકન કાયદાના પ્રસ્થાપિત સિંધ્ધાતો ધ્યાનમાં લઈને કરવાનું રહે છે. ભોગબનનારનો પુરાવો ફરીયાદપક્ષે આંક–૧૨ થી રજુ થયેલ છે. ભોગબનનારે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલ છે. ભોગબનનારના પુરાવાનું સમગ્રપણે મુલ્યાંકન કરતા એવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે બનાવના દીવસે તેના માતા પિતા અને દાદા બધા ખેતરમાં ગયેલા અને તેના માતા પિતા ખેતરમાંથી ચારેક વાગે ઘરે પરત આવેલા ત્યારે તેણીએ ઘરકામ કરેલ ન હતુ જેથી વાસણ કપડા બાકી હતા જેથી તેની માતા તેની ઉપર ગુસ્સે થયેલી અને તેની સાથે ઝઘડો કરેલો જેથી તેણી રીસાઈને કોઈને કહયા વગર તેના મામાના ઘરે શીલજ મુકામે જતી રહેલી. ત્યાં લગભગ ૨૫ દીવસ રોકાયેલી. બાદ તેના મામાએ તેને સમજાવીને તેના ઘરે મુકવા માટે આવેલા અને ત્યાં તેના માતા પિતા અને દાદા બધા ઘરે હાજર હતા ત્યારે તેણીએ ઉપરની હકીકત તેઓને કહેલી આ સિવાય તેણીની સાથે બીજો કોઈ બનાવ બનેલ નથી. એવુ બનેલ નથી કે માલાજી ઠાકોર તેણીને સ્પેલન્ડર બાઈક ઉપર બેસાડી ભગાડી લઈ ગયેલ હોય અને બાદમાં પ્રાઈવેટ સાધન મારફતે અને ટ્રેનમાં બેસાડીને સુરત કામરેજ મુકામે લઈ ગયેલ

હોય અને ત્યા કામરેજ મુકામે ગુરૂકૃપા સોસાયટીમાં મકાન ભાડે રાખેલ હોય અને ૨૫ દિવસ જેટલુ તેને રાખેલ હોય અને તેની સાથે તેની મજરી વિરૂધ્ધ અવાર નવાર બળાત્કાર કરેલ હોય. ભોગબનનારે ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે તેની માતા સાથે ઘરકામ બાબતે ઝઘડો થયેલ હોઈ, રીસાઈને તેણી તેના મામાના ઘરે જતી રહેલી અને તેને માલાજી ભગાડીને લઈ ગયેલ નથી કે તેને સ્પેલન્ડર ઉપર બેસાડી સુરત કામજેર મુકામે લઈ ગયેલ નથી કે તેને ગુરૂકૃપા સોસાયટીમાં ૨૫ દિવસ જેટલુ રાખેલ નથી. ભોગબનનારે જણાવેલ છે કે તેણીની સાથે તેની મરજી વિરૂધ્ધ અવાર નવાર માલાજીએ દુષ્કૃત્ય કરેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેણી મળી આવેલ નહી જેથી ગામ લોકોના કહેવાથી તેના દાદાએ માલાજી વિરૂધ્ધ ફરીયાદ કરેલી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેની માતાએ ડૉ.ને હીસ્ટ્રી લખાવેલ અને તેની માતાના શીખવાડયા મુજબ તેણીએ કોર્ટમાં લખાવેલુ. આમ, ભોગબનનારનો પુરાવો જોતાં આરોપી ભોગબનનારને લગ્નની લાલચ આપી, અપહરણ કરી લઇ ગયેલ હોય કે તેણીની સાથે તેની મરજી વિરૂધ્ધ અવાર નવાર શરીર સબંધ બાંધેલ હોય તેવો લેશમાત્ર પુરાવો ભોગબનનારે આપેલ નથી.

આમ, સમગ્ર રીતે ભોગબનનારનો પુરાવો ધ્યાને રાખતા ભોગબનનારના પુરાવામાંથી આરોપી વિરૂધ્ધની કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તેવા સંજોગોમા ભોગ બનનારનો પુરાવો સંપૂર્ણ પણે વિશ્વસનીય જણાઈ આવતો નથી અને તેણીએ કોર્ટ

સમક્ષ જે પુરાવો આપેલ છે તેમાં વ્યાજબી શંકા ઉપસ્થિત થાય છે. જયાં સુધી ભોગ બનનારના પુરાવાને લાગેવળગે છે ત્યાં સુધી નામદાર સુપ્રીમ કોર્ટે વિવિધ ચુકાદાઓથી ઠરાવેલ છે કે, ભોગ બનનારના પુરાવાનું મહત્વ ઈજા પામનારના પુરાવા જેટલું જ છે અને ભોગ બનનારની એકલાની જુબાની ઉપરથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. પરંતુ ભોગબનનારનો પુરાવો વિશ્વાસનીય, માનવાલાયક અને ખાતરી કરાવનારો હોવો જોઈએ. પરંતુ હાથ ઉપરના કેસમાં ભોગ બનનારનો પુરાવો વિશ્વસનિયતા ધરાવતો રહેલો નથી.

(૩૦) વધુમાં આ કામે ફરીયાદી ભોગબનનારના દાદા સાહેદ નં.ર ભીખાજી જુગાજી ઠાકોરની આંક–૯ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદે ફરીયાદ હકીકત તેમજ ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. ફરીયાદીનો પુરાવો જોતાં બનાવના દિવસે તેઓ ખેતરમાં ગયેલા અને તેમનો દીકરો અને તેની પત્નિ સપના સાંજના ઘરે આવેલા. તેઓ ઘરે પરત આવેલ ત્યારે ભોગબનનાર ઘરે હાજર ન હતી. તેઓ બધાએ તેની શોધખોળ કરેલી પરંતુ તે મળી આવેલ નહી. લગભગ ૧૫ દિવસ જેટલુ તેઓએ શોધખોળ કરેલ પરંતુ તે કયાંયથી મળી આવેલ નહી જેથી તેમના વાસમાં રહેતા માલાજી ઉપર તેમના ગામના લોકોને શક હતો તેથી તેમના ગામના લોકોના કહેવાથી તેઓએ માલાજી વિરૂધ્ધ ફરીયાદ કરેલી. પાછળથી જાણવા મળેલ કે તેમની પુત્રવધુ સપના અને ભોગબનનાર વચ્ચે બોલાચાલી થયેલી જેથી

તેમની પૌત્રી ભોગબનનાર રીસાઈને પુત્ર વધુ સપનાના ભાઈના ઘરે શીલજ ખાતે ગયેલી. ત્યાં લગભગ ૨૫ દિવસ જેટલુ રોકાયેલી. બાદ પુત્રવધુ સપનાના ભાઈએ ભોગબનનારને સમજાવી તેમના ઘરે મુકવા આવેલા. ત્યાં સુધી તેમને ખબર ન હતી ભોગબનનાર પુત્રવધુ સપનાના ભાઈના ત્યાં જતી રહેલ છે. બાદ તેઓએ ભોગબનનારને પુછેલ કે તુ કયા જતી રહેલી ત્યારે તેણે ઉપર જણાવેલ હકીકત તેમને કહેલી. આ સાહેદે ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે તેમની પુત્રવધુ સપના અને તેમની દીકરી વચ્ચે ઘરકમ બાબતે બોલાચાલી થતાં તેમની પૌત્રી રીસાઈને તેના મામાના ઘરે શીલજ મુકામે કોઈને કહયા વગર જતી રહેલી અને ત્યાં ૨૫ દિવસ જેટલુ રોકાયેલી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમની પૌત્રી સાથે આરોપી માલાજીએ કોઈ પ્રકારનુ દુષ્કૃત્ય કરેલ નથી કે તેમની પૌત્રી ભોગબનનારને ભગાડીને સુરત કામરેજ મુકામે લઈ ગયેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ ગામના લોકોના કહેવાથી માલાજી વિરૂધ્ધ ફરીયાદ આપેલી. આમ, આ સાહેદના પુરાવાથી ફરીયાદપક્ષને લેશમાત્ર સમર્થન મળતું નથી. આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ થતો નથી.

(૩૧) વધુમાં આ કામે ભોગબનનારની માતા સાહેદ નં.૧ સપનાબેન ગંભીરજી ઠાકોરની આંક-૮ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદે પણ ફરીયાદપક્ષના કેસને તેમજ ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આ સાહેદનો પુરાવો જોતાં તેઓએ તેમની

દીકરીને કહેલ કે ઘરમાં જે કામ પડેલ તે કેમ હજુ સુધી કરેલ નથી. તે બાબતે તેઓને અને તેમની દીકરી વચ્ચે બોલાચાલી થયેલી જેથી તેમની દીકરી રીસાઈને તેમના ભાઈના ઘરે શીલજ ખાતે ગયેલી. ત્યાં લગભગ ૨૫ દિવસ જેટલુ રોકાયેલી. બાદ તેમના ભાઈએ ભોગબનનારે સમજાવી તેમના ઘરે મુકવા આવેલા. ત્યા સુધી તેમને ખબર ન હતી ભોગબનનાર તેમના ભાઈના ત્યાં જતી રહેલ છે. બાદ તેઓએ ભોગબનનારને પુછેલ કે તુ કયા જતી રહેલી ત્યારે તેણે ઉપર જણાવેલ હકીકત તેમને કહેલી. ભોગબનનાર સાથે આ સિવાય બીજુ કઈ બનેલ નથી. ઉલટતપાસમાં આ સાહેદે સ્વીકારેલ છે કે તેઓને અને તેમની દીકરી વચ્ચે ઘરકમ બાબતે બોલાચાલી થતાં તેમની દીકરી રીસાઈને તેમના ભાઈના ઘરે કોઈને કહ્યા વગર જતી રહેલી.એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે  તેમની દીકરી સાથે આરોપી માલાજીએ કોઈ પ્રકારનુ દુષ્કૃત્ય કરેલ નથી કે તેમની દીકરી ભોગબનનારને ભગાડીને સુરત કામરેજ મુકામે લઈ ગયેલ નથી અને ત્યાં ૨૫ દિવસ રાખેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ગામ લોકોના કહેવાથી શકના આધારે તેમના સસરાએ ફરીયાદ કરેલ છે. આમ, આ સાહેદના પુરાવાથી ફરીયાદપક્ષને લેશમાત્ર સમર્થન મળતું નથી. આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ થતો નથી.

(૩૨) વધુમાં આ કામે  સાહેદ નં. ૪ ડો. માર્ગીબેન નાગજીભાઇ પટેલની આંક-૧૪ ની  જુબાની ધ્યાને લેતાં આ સાહેદે ભોગબનનારને

અને આરોપીને તપાસેલા છે. આ સાહેદનો પુરાવો જોતાં ભોગબનનારના શરીર ઉપર કે ગુપ્ત ભાગ ઉપર ઈજા કે જોરજુલમના નિશાન ન હતા અને આરોપીના ગુપ્ત ભાગે કોઈ દેખીતી ઈજાના નિશાન ન હતા અને આરોપી શારીરીક સબંધ બાંધવા સક્ષમ હોવાનું ફલીત થાય છે.

વધુમાં ડો.શ્રી સાનીધ્યા જીતેન્દ્ર વ્યાસની આંક-૨૩ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદે ભોગબનનારની શારીરિક તપાસ કરેલી છે અને ભોગબનનારના શરીર ઉપર કે ગુપ્ત ભાગ ઉપર કોઈ ઈજા કે જોર જુલમના નિશાન ન હોવાનું સ્વીકારેલ છે.

આમ, મેડીકલ ઓફીસરશ્રીઅલનો પુરાવો તેમજ રજુ થયેલ ભોગબનનારના મેડી.સર્ટી. જોતાં આરોપીએ ભોગબનનારને ઈજા પહોંચાડી હોય તેવો કોઈ મેડીકલ પુરાવો નથી તેવા સંજોગોમાં પણ મેડીકલ પુરાવા આધારે પણ ભોગબનનાર સાથે બળાત્કાર થયેલાની હકીકતને સંપુર્ણ સમર્થન પ્રાપ્ત થતું નથી. આ સંજોગોમાં હાથ ઉપરના કિસ્સામાં ખુદ ભોગબનનાર ફરીયાદપક્ષના કેસની હકીક્તને લેશમાત્ર સમર્થન આપતા ન હોય અને ભોગબનનાર તેમના સોગંદ ઉપરના પુરાવાથી બી.એન.એસ.ની કલમ-૬૪(૨)(એમ) મુજબનો ગુન્હો પુરવાર કરવા માટે કલમ-૬૩ માં જણાવાયેલા આવશ્યક તત્વો અંગે કોઈ હકીકત પુરાવામાં જણાવાયેલી ન હોય અને તબબી પુરાવાઓ પરથી પણ આરોપી સામે આક્ષેપિત તહોમતની હકીકત પુરવાર થતી નથી.

(૩૩) વધુમાં સાહેદ નં.૬, ચૌધરી સુરેશભાઇ રત્નાભાઇને આંક–૩૨ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ ગુનાની તપાસ કરનાર અમલદાર છે અને તેઓની જુબાની ધ્યાને લેતાં તેઓએ મુખ્યત્વે તપાસમાં જે જે કાર્યવાહી કરી તેને પુનરાવર્તીત કરેલ છે.

(૩૪) આ કામે ફરીયાદપક્ષે ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામું આંક–૨૮ થી, આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામું આંક–૨૯ થી અને ગુનાના કામે વપરાયેલ બાઇક કબજે કર્યાનું પંચનામું આંક–૩૦ થી અને ગુનાવાળી જગ્યાનું પંચનામું આંક–૩૧ થી બચાવપક્ષે સંમતિથી આંકે પડેલા છે.

(૩૫) ફરીયાદપણ તરફે એક દલીલ એ પણ કરવામાં આવેલ છે કે પોકસો એક્ટમાં કલમ ૨૯ અન્વયે અનુમાન અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે અને તેથી જ્યારે ભોગબનનાર સાથે આરોપીએ બળાત્કાર કરેલ છે જેથી પોકસો એકટની કલમ ૨૯ અને ૩૦ ના અનમુમાનો અન્વયે આરોપીને દોષીત ઠરાવવા જોઈએ. પોકસો એક્ટની કલમ ૨૯ અને ૩૦ નીચે મુજબ છે.

<u>**પોક્સો એક્ટની કલમ–૨૯.**</u> અમુક ગુનાઓ અંગે માની લેવા બાબત:

જયાં કોઈ વ્યક્તિને આ અધિનિયમની કલમ–૩, ૫, ૭ અને ૯ અન્વયેના કોઈ ગુનાને કરવાના અથવા તેવા ગુનાનુ દુખેરણ કરવાના અથવા આવા ગુનાને કરવાના પ્રયત્ન કરવા માટે તેના ઉપર કાનૂની કાર્યવાહી કરવામાં આવે ત્યારે, સ્પેશિયલ કોર્ટ દવારા જયાં સુધી તેનાથી વિરૂધ્ધનું સાબિત કરવામાં ન આવે ત્યાં

સુધી, એવું માની લેવામાં આવશે કે, આવા વ્યક્તિએ, યથાપ્રસંગ, એવો ગુનો કરેલ છે, દુોરણ કરેલ છે, અથવા આવા ગુનાને કરવાનો પ્રયત્ન કરેલ છે.

**<u>પોક્સો એકટની કલમ–૩૦.</u>** ગુનાહિત માનસિક સ્થિતિ અંગે માની લેવા બાબત(અનુમાન)

(૧) આ અધિનિયમ અન્વયેના કોઈપણ ગુના માટે કોઈપણ ઈન્સાફી કાર્યવાહીમાં કે જેમાં આરોપીની ગુનાહિત માનસિક સ્થિતિ આવશ્યક હોય ત્યારે સ્પેશ્યલ કોર્ટ આવી માનસિક સ્થિતિના અસ્તિત્વ અંગે અનુમાન કરશે, પરંતુ આરોપીને પોતાના બચાવમાં સાબિત કરવું પડશે કે, તેની માનસિક સ્થિતિ સાથે તેની સામે ચલાવવામાં આવતી ઈન્સાફી કાર્યવાહીમાં જે ગુના માટે તેના ઉપર તહોમત મૂકવામાં આવેલ છે, તેની સાથે તેની માનસિક સ્થિતિનો કોઈ સબંધ રહેતો નથી.

(૨) આ અધિનિયમના હેતુઓ માટે કોઈ હકીકતની સાબિતી ત્યારે જ ગણવામાં આવશે કે જયારે સ્પેશિયલ કોર્ટના મંતવ્ય મુજબ કોઈપણ શંકા સિવાય આવુ થયા હોવા અં ગે વિશ્વાસ હોય અને માત્ર ત્યારે નહી જ્યારે તે બન્યા હોવાની સંભાવનાની પ્રબળતા વારા સ્થાપિત થયેલ હોય.

<u>સ્પષ્ટીકરણ:</u> આ અધિનિયમમાં "ગુનાહીત માનસિક સ્થિતિ" માં ઈરાદો, પ્રેરક / પ્રવર્તક કોઈ હકીકતનું જ્ઞાન તથા કોઈ હકીકત

અંગે વિશ્વાસ અથવા વિશ્વાસ કરવા માટેના કોઈપણ કારણનો સમાવેશ થાય છે.

(૩૬) પોક્સો એક્ટના પ્રબંધો ધ્યાનમાં લેતાં અને મુખ્યત્વે પોકસો એકટની કલમ ૨૯ વંચાણે લેતાં આ ગુન્હના આરોપી સામે કેસ થયેલ હોય તો પોકસો એક્ટની કલમ ૨૯ અન્વયે આપી સામે ગુન્હો કરેલ છે તે મતલબના અનુમાનનો પ્રબંધ કરવામા આવેલ છે. કાયદાનો અનુમાન સંદર્ભે એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે કોઈપણ અનુમાન સંપૂર્ણ નથી અને દરેક અનુમાનને પુરાવાથી ખંડીત કરી શકાય છે. **નામ.સર્વોચ્ચ અદાલત દ્વારા બાબુ વિરુધ્ધ સ્ટેટ ઓફ કેરાલા ૨૦૧૦ (૯) એસ સીસી ૧૮૯** માં નામ. સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે દરેક આરોપી એ નિર્દોષ છે. જ્યાં સુધી તેને તકસીરવાન ઠરાવવામાં આવેલ ન હોય. નિર્દોષ હોવાનુ અનુમાન એ માનવ અધિકાર છે. કાયદાથી આરોપીએ ગુનો કરેલ છે તે મતલબના અનુમાનની જોગવાઈ કરવામાં આવેલ હોય તો પણ તેણે વ્યાજબીપણા અને સ્વતંત્રતાના જે બંધારણના આર્ટીકલ ૧૪ અને ૨૧ અન્વયેના વ્યાજબીપણાની પરીક્ષામાંથી પસાર થવુ પડે છે. પોકસો એકટની કલમ ૨૯ ના પ્રબંધો ધ્યાનમાં લેતાં અનુમાન ખંડીત થઈ શકે જ નહીં તેવી કોઈ જોવગવાઈ કરવામાં આવેલ નથી અને તેથી એવું માની શકાય કે અનુમાનનુ ખંડન થઈ શકે છે એટલે કે રીવર્સ બર્ડન આરોપી ઉપર છે અને જો આરોપી તે રીવર્સ બર્ડન પુરવાર કરી શકે તો તેની સામે ઉપસ્થિત થયેલ પોકસો એકટની કલમ ૨૯ ના અનુમાનને

આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં જે **નુર આગા વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ ૨૦૦૮(૧૬) એસ સીસી ૪૧૭, કાલીરામ વિરૂધ્ધ સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ ૧૯૭૩ (૨) એસ સીસી ૮૦૮** માં ઠરાવેલ છે.

(૩૭) પોક્સો એકટની કલમ ૩૦ માં ગુનાહીત માનસ ન હતું તે હકીકત આરોપી ફરીયાદ પક્ષના પુરાવાથી સાબિત કરી શકે છે અને બીજું સાક્ષીની ઉલટ તપાસમાંથી પણ તેઓનો કોઈ ગુનાહીત ઈરાદો કૃત્ય કરવામાં હતો નહીં તે અનુમાનનું ખંડન કરી શકે છે. આરોપીનુ બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ અન્વયેનું નિવેદન વંચાણે લેતા અને તેની સાથોસાથ ફરીયાદપણના પુરાવાનું મૂલ્યાંકન કરતા આરોપીએ તેની સામે ઉપસ્થિત થયેલ પોકસો એકટની કલમ ૨૯ અને ૩૦ ના અનુમાનોને ખંડીત કરી શકેલ છે. આ બાબતે **રાજ વિગેરે વિરુધ્ધ સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ ૨૦૦૮(૧૫) એસ સીસી ૧૩૩** નો ચુકાદો ક્યાનમાં લ વો યોગ્ય અને ન્યાયીક જણાય છે. સુંદર કેસમાં નામ. સર્વોચ્ચ અદાલતે નોંધેલ છે કે કોઈપણ ખોટી સંડોવણીની શક્યતા સામે આરોપીને રક્ષણ આપવું જોઈએ અને જયારે રેપના આક્ષેપો કરવામાં આવેલ હોય તે કિસ્સામાં ભોગ બનનારનો પુરાવો ઈજા પામનાર સાક્ષીના પુરાવાની જેમ જ મુલ્યાંકન કરવો જોઈએ, પરંતુ એવુ સનાતન રીત માનવુ જોઈએ નહીં કે તેણીનો પુરાવો સંપર્ણ છે. સદર કેસમાં નામ.સર્વોચ્ચ અદાલતે વધુમાં નોંધેલ છે કે દરેક શારીરીક હુમલાના કેસ જે કોર્ટ સમક્ષ આવે છે તેમા દરેક કીસ્સામાં ભોગ

બનનારનો પુરાવો સંપૂર્ણ છે તેવું માનીને આરોપીને દોષીત ઠરાવવો જોઈએ નહીં. અદાલતે એ હકીકત અવગણવી જોઈએ નહીં કે જેવી રીતે રેપનો કેસ ભોગ બનનારને ખુબજ અપમાનજનક અને માનસીક પીડા આપે છે તે જ રીતે ખોટા રેપના આક્ષેપોનો કેસ આરોપીને પણ એટલુ જ અપમાનજનક અને માનસીક પીડા અને નુકશાન આરોપીને થાય છે. **તમીજુદ્દીન ઉર્ફે તમ્મુ વિરૂધ્ધ સ્ટેટ ઓફ એન સીટી ઓફ દિલ્હિ ૨૦૦૯ (૧૫) એસ સીસી ૫૬૬** ના કેસમાં ઠરાવેલ છે કે ભોગ બનનારના પુરાવાને મહત્વ આપવું જોઈએ પરંતુ તેણીનો પુરાવો વિરોધાભાસી, વિસંગત અને અતાર્કીક હોવા છતાં ગ્ર શહ્ય રાખવો તે ફોજદારી ન્યાયશાસ્ત્રના પાયાના સિધ્ધાંતો સાથે હિંસા કરવા બરાબર ફોજદારી કેસમાં ગણાય.

(૩૮) ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવો સમગ્ર રીતે વંચાણે લેતાં ભોગબનનાર હોસ્ટાઈલ જાહેર થયેલા હોઇ, તેમનો પુરાવો તટસ્થ, વિશ્વસનીય અને માનવાલાયક જણાતો નથી. ફરીયાદપક્ષે ફરીયાદી/ભોગબનનારના દાદા અને ભોગબનનારની માતાનો પુરાવો જોતાં ફરીયાદ હકીકત કે બનાવ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલા છે. આ કામે ફરીયાદપક્ષે ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામું આંક–૨૮ થી, આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામું આંક–૨૯ થી અને ગુનાના કામે વપરાયેલ બાઇક કબજે કર્યાનું પંચનામું આંક–૩૦ થી અને ગુનાવાળી જગ્યાનું પંચનામું આંક–૩૧ થી

બચાવપક્ષે સંમતિથી આંકે પડેલા છે. આ કામે બનાવ નજરે જોનાર કોઈ સાહેદને તપાસવામાં આવેલ નથી, મેડીકલ પુરાવાથી પણ ભોગબનનાર ઉપર બળાત્કાર થયેલાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતું નથી. તે સંજોગોમાં ફરીયાદપક્ષ ધ્વારા જે લેખીત તથા મૌખિક પુરાવો રજુ થયેલ છે તે ચોકકસ, માનવાલાયક અને સચોટ હોવાનું ફરયાદપક્ષ પુરવાર કરી શકતા ન હોય, તેથી આરોપીને નિર્દોષ છોડી મુકવાનું ન્યાયોચિત જણાતું હોય, મુદ્દા નં.૨,૩ નો નિર્ણય ''નકારમાં'' આપી મુદ્દા નં.૪ પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

ભોગબનનાર હોસ્ટાઈલ જાહેર થયેલ છે. ફરીયાદપક્ષને લેશમાત્ર સમર્થન આપેલ નથીલ બનાવને સમર્થન આપેલ નથી અને ભોગબનનારનો પુરાવો સંપુર્ણપણે વિશ્વસનીયલ આધારભુત જણાતો ન હોઈ તેમજ ભોગબનનારને કોઇ શારીરિક ઈજાઓ થયેલ ન હોઈ, ભોગબનનારને કોઈ આખરી સ્વરૂપેની વળતરની રકમ અપાવવી ઉચિત જણાતું નથી.

## -:: આખરી હુકમ ::-

(૧) ભારતીય ન્યાય સંહીતાની કલમ-૨૫૮ હેઠળ આરોપી ઠાકોર માલાજી સન/ઓફ વિહાજી પ્રહલાદજી, રહે.ઝાલોરા, ઉગમણો વાસ, તા.કડી,જી.મહેસાણા નાઓને બી.એન.એસ.ની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોકસો એકટની કલમ-

૪, ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબ મુજબના સજાને પાત્ર ગુન્હાઓ અંગે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

આરોપી હાલ આ ગુનાના કામે જયુડીશયલ કસ્ટડીમાં હોઈ, તેઓની અન્ય કોઈ ગુનાના કામે હાજરીની જરૂરીયાત ન હોય તો તેઓને જેલ મુકત કરવા જરૂરી રીલીઝ ચાદી ઈસ્યુ કરી, જેલ ઓથોરીટી સમક્ષ મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

(૨) આ ગુનાને કામે કબજે કરવામાં આવેલ તમામ નોન વેલ્યુએબલ મુદ્ધામાલ કપડાનો અપીલ સમય પુરો થયા બાદ નાશ કરવો.

તેમજ ગુનાના કામે કબજે કરવામાં ઓવેલ એક ઓપ્પો કંપનીનો બ્લ્યુ કલરની બોડીવાળો મોબાઈલ ફોન બંધ હાલતમાં છે તે તથા બીજો ઓપ્પો કંપનીનો આછા ગુલાબી કલરની બોડીવાળો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન (મોડેલ ૧૩કે૧૩એકસ ફાઈવ જી) છે તે આરોપીએ રજુ કરેલા હોય, સદર મુદ્દામાલ બંને મોબાઈલ ફોન અપીલ પિરીટડ પુરો થયેથી આરોપીને પરત કરવા હુકમ કરવામાં આવે છે.

તેમજ એક હીરો કંપનીનું સ્પ્લેનડર પ્લસ મોડલનું કાળા કલરનું બાઈક રજી.નં.જીજે.૦૨ડીએચ.૧૩૩૪ નો છે તે આરોપીએ રજુ કરેલ હોય, તેની માલીકી અંગેની ખાતરી કરી તેના માલીકને અપીલ પિરીયડ પુરો થયેથી પરત કરવા હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ આ હુકમ ઉપર નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ થાય તો હાજર રહેવા રૂા.૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) ના જાત જામીન તથા તેટલીજ રકમના જામીન અપીલ સમય સુધીના અત્રેની કોર્ટમાં રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧લી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ મહેસાણા મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૧/૦૪/૨૦૨૬

સ્થળ : મહેસાણા.

**(એસ. એસ. કાળે)**

ચોથા એડીશ્નલ સેસન્શ જજ અને ખાસ જજ(પોકસો),
મહેસાણા.

**(કોડ નંબર : જીજે ૦૦૭૫૩)**